Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 242 Dt.25-07-2022 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# દેશના ૧૫માં રાષ્ટ્રપતિ તરીકે દ્રૌપદી મુર્મુની શપથવિધિ



૨૧ તોપોની સલામી સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ભવ્ય ગાર્ડ ઓફ ઓનર અપાયું

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૫

દેશના ભાતીગળ, વૈવિધ્યસભર અને ગૌરવપૂર્ણ ઈતિહાસના પાનાઓમાં આજે સોનેરી પૃષ્ઠનો ઉમેરો થયો છે અને ભારતે એક નવો ઈતિહાસ આલેખી દીધો છે. ઓરિસ્સાના નાનકડા ગામના જન્મેલા આદિવાસી મહિલા આજે દેશના પ્રથમ નાગરિક બન્યા છે. દેશના ૧૫ માં રાષ્ટ્રપતિ અને સ્વતંત્ર ભારતમાં જન્મેલા પહેલા મહામહિમ તરીકે આજે દ્રૌપદી મુર્મુએ દબદબાભર્યા સમારંભમાં રાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. સંસદના મધ્યસ્થ ખંડમાં યોજાયેલા સમારંભમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી.રમણાએ નવા મહામહિમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ત્યારે તાળીઓના ગડગડાટથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. દ્રૌપદી મુર્મુ

## હું આદિજાતિ સમાજમાંથી આવું છું, રાષ્ટ્રપતિ તરીકે મારી પસંદગી બદલ સહુનો આભાર, હું ખૂબ ગૌરવ અનુભવું છુંઃ રાષ્ટ્રપતિ તરીકે દ્રૌપદી મુર્મુનું દેશને પહેલું ભાવવાહી સંબોધન

દેશના બીજા મહિલા અને પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિ બનવાનું ગૌરવ પ્રાપ્ત કરીને આજે ગરિમા સાથે રાષ્ટ્રપતિ ભવનમાં બિરાજમાન થયા છે. દેશના પ્રથમ નાગરિક બન્યા બાદ એમના પહેલા ભાવનાશીલ પ્રવચનમાં દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, હું આદિજાતિ સમાજમાંથી આવું છું. મને રાષ્ટ્રપતિ તરીકે ચૂંટણી કાઢવા બદલ સહુનો આભાર માનુ છું અને ખૂબ જ ગર્વની લાગણી અનુભવું છું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, દેશ માટે આજે ઐતિહાસિક પળો સર્જાઈ છે.

સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં શપથવિધિ થયા બાદ દ્રૌપદી મુર્મુને ૨૧ તોપોની સલામી સાથે ભવ્ય ઈન્ટર સર્વિસ ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. ગાર્ડ ઓફ ઓનર અને તોપોની સલામી બાદ બંધારણની પરંપરા અનુસાર રામનાથ કોવિંદ હેન્ડીંગ ઓવર સેરેમની બાદ રાષ્ટ્રપતિ ભવનમાંથી વિદાય થયા હતા. શપથવિધિ પહેલા આજે સવારે દ્રૌપદી મુર્મુ રાજઘાટ પહોંચ્યા હતા અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સમાધિ પર પુષ્પાંજલિ અર્પી વંદન કર્યા હતા અને એ પછી બંધારણના સર્વોચ્ચ પદ તરફ ઐતિહાસિક ડગલા માંડ્યા હતા.

શપથવિધિના અભૂતપૂર્વ સમારંભમાં ઉપરાષ્ટ્રપતિ વૈંકૈયા નાયડુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા તમામ મંત્રીઓ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, અનેક રાજ્યના ગવર્નર તથા મુખ્યમંત્રીઓ, વિદેશી રાજદૂતો અને સેનાની ત્રણેય પાંખના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા અને નવા રાષ્ટ્રપતિને આવકાર આપ્યો હતો. દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રગીતના ગાન બાદ હિન્દીમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# સૌરાષ્ટ્ર, ઉતર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

## બનાસકાંઠા અને સાબરકાંઠામાં ૨૮ જુલાઈ સુધી અતિભારે વરસાદની શક્યતાઃ રાજકોટ, જામનગર, બોટાદ અને ખેડામાં ભારે વર્ષાની આગાહી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫


ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ફરીથી વરસાદી સિસ્ટમ સક્રિય થઇ છે. આજે અને આવતીકાલે સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતનાં ઘણા શહેરોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં આજના દિવસે ભારે વરસાદ થવાનો હવામાન ખાતાનો વર્તારો છે. રાજકોટ, જામનગર, બોટાદ અને ખેડામાં ભારે વરસાદની સંભાવના છે.

સાબરકાંઠા, બનાસકાંઠામાં ૨૮ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા હોવાથી લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે. નદીનાં પટમાં તથા પાણીનાં નવા પ્રવાહમાં અવરજવર ન કરવા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે. પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, સુરેન્દ્રનગરમાં પણ ભારે વરસાદની આગાહી થઇ છે. કચ્છ માટે પણ બે દિવસ ભારે વરસાદની આગાહી થઇ છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યનાં ૨૩૨ તાલુકાઓમાં મેઘકૃપા વરસી છે. જેમાં સૌથી વધુ બનાસકાંઠાનાં થરાદમાં લગભગ ૬ ઇંચ, લાખાણીમાં ૪ ઇંચ, ખેડાનાં કઠલાલમાં પોણા ચાર ઇંચ, સુઈ ગામમાં સવા ત્રણ ઇંચ, વડગામમાં સવા ત્રણ ઇંચ, પાલનપુર અને મહેમદાવાદમાં ત્રણ-ત્રણ ઇંચ, ખેરગામ, વાવ અને મહુધામાં અઢી- અઢી ઇંચ તથા ધાનેરા, ડીસા, કચ્છનાં અંજારમાં બે ઇંચથી વધુ વરસાદ થયો છે. હાલ રાજ્યએ ૯૦ ટકાથી વધુ ભરાયેલા ૫૩ જળાશયો હાઈએલર્ટ પર છે. જયારે ૮ જળાશયો એલર્ટ પર છે.(૨.૧૨)



# જેલ નહીં જામીન પર વધુ ભાર મુકવા સુપ્રીમ કોર્ટની જોરદાર હિમાયત



## દેશના જામીન અંગેના કાયદામાં વ્યાપક સુધારા કરવા અદાલતને સૂચન

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૫

દેશમાં નાની-મોટી ફરિયાદોના કિસ્સામાં આડેધડ ધરપકડો અને જામીનમાં પણ થતા વિલંબ સામે સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી દર્શાવી છે અને જામીન માટેના અલગ કાયદા ઘડવા માટે હિમાયત કરી છે. આડેધડ ધરપકડો અને બાદમાં જામીન પર છોડવામાં વિલંબને કારણે દેશમાં ફોજદારી ન્યાયની પ્રક્રિયા શિક્ષાત્મક અને સજારૂપ બની ગઈ હોવાનું સુપ્રીમ કોર્ટનાં મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી.રમણાએ સ્પષ્ટ મંતવ્ય વ્યક્ત કર્યું છે.

તાજેતરમાં કેટલાક કેસમાં સુપ્રીમ કોર્ટના અલગ-અલગ ન્યાયાધીશ એવી ટકોર કરતા રહ્યા છે કે, જેલનો હુકમ કરવો એ કોઈ નિયમ નથી પણ એ એક અપવાદરૂપ હુકમ હોવો જોઈએ. સુપ્રીમના માન્યવર જજો ફોજદારી ન્યાયની પ્રક્રિયામાં ધરપકડો અને જામીન અંગે અવારનવાર દિશાનિર્દેશ કરતા રહ્યા છે.

દેશના મુખ્ય ન્યાયમૂર્તિ રમણાએ દેશમાં જામીન અંગેના નવા કાયદા ઘડવાની હિમાયત કરી છે. ધરપકડ અને જામીન અંગેનાં વર્તમાન કાયદા તથા ફોજદારી ન્યાય પ્રક્રિયામાં સુધારો કરવા રમણાએ મહત્વપૂર્ણ સૂચન કર્યા છે. તાજેતરના એક કાર્યક્રમમાં એમણે જણાવ્યું હતું કે, ઉતાવળે આડેધડ ધરપકડ થયા બાદ જામીન પર છોડવામાં વિલંબ થાય છે જેથી કાચાકામના કેદીઓનો ભરાવો થાય છે અને એમનો જેલવાસ અકારણે લંબાતો રહે છે. ફોજદારી ન્યાયના સમગ્ર

(અનુ.પાના નં.૪ ઉપર)

# પશુધનમાં લમ્પી વાયરસ વધતા કેન્દ્રીય ટીમ ગુજરાત દોડી આવી



## આજે સુરેન્દ્રનગરની મુલાકાતઃ આવતીકાલે જામનગર જિલ્લાની મુલાકાતે જશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

સૌરાષ્ટ્રમાં પશુધનનો ભોગ લઇ રહેલા લમ્પી વાયરસથી સેંકડો પશુઓને ચેપ લાગતા કેન્દ્ર સરકાર હરકતમાં આવી ગઈ છે. કેન્દ્રની આરોગ્ય અધિકારીઓની ખાસ ટીમ આજે સૌરાષ્ટ્રની મુલાકાતે આવી પહોંચી છે અને તપાસ શરૂ કરી છે. વેક્સિનેશન કામગીરીને વેગ આપવામાં આવી રહ્યો છે. લમ્પી વાયરસથી બે પશુના મોત થયાની સતાવાર જાહેરાત કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં અને ખાસ કરીને જામનગર, સુરેન્દ્રનગર તથા જૂનાગઢ જિલ્લાઓમાં પશુધનને લમ્પીનો રોગચાળો અજગર ભરડો લઇ રહ્યો છે. અનેક પશુઓના લમ્પીથી મોત થયાનું બિનસતાવાર સૂત્રોએ જાહેર કર્યું છે. કેન્દ્ર સરકારનું ધ્યાન ખેંચાતા ૪ ઉચ્ચ મેડિકલ અધિકારીઓની ટીમ આજે તાબડતોબ આવી પહોંચી છે. આજે આ ટીમ સુરેન્દ્રનગર જિલ્લાની મુલાકાત લઇ રહી છે. આવતીકાલે જામનગર જિલ્લાની મુલાકાત લેશે અને પરિસ્થિતિનો અભ્યાસ કરશે તથા વિગતો જાણશે. લમ્પીથી માત્ર બે પશુનાં મોત થયાનું સતાવાર રીતે જાહેર કરાયું છે.

સરકારે જાહેર કરેલ આંકડા મુજબ કુલ ૫૬૯ પશુઓમાં લમ્પી વાયરસનાં લક્ષણો દેખાયા છે. જૂનાગઢ જિલ્લામાં ૧૭૭ પશુમાં વાયરસ જણાયો છે. આથી વેક્સિનેશનની કામગીરી વધુ વેગ સાથે આગળ ધપાવવામાં આવી રહી છે. પશુપાલકોને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.(૨.૧૨)

# દીકરીઓ કંઈ બોજ નથીઃ સુપ્રીમ કોર્ટ

## બંધારણની કલમ ૧૪ મુજબ કાયદા સહુ માટે સમાનઃ પત્ની અને પુત્રીને ભરણ-પોષણ ન ચુકવનાર આરોપીને તાકીદે ચુકવણું કરવા સુપ્રીમનો આદેશ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૫

ભરણ-પોષણના એક કેસમાં ખૂબ જ સૂચક અને મહત્વપૂર્ણ ટકોર કરતા સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ ઠરાવ્યું હતું કે, દીકરીઓ કંઈ બોજ નથી. બંધારણની કલમ ૧૪ મુજબ સહુને સમાન ન્યાય મેળવવાનો અધિકાર છે.

ભરણ-પોષણના એક કેસમાં આરોપીનાં ધારાશાસ્ત્રીએ ફરિયાદી મહિલા બોજ હોવાનું કહેતા જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડ અને જસ્ટીસ બોપન્નાએ ટકોર કરી હતી કે, દીકરીઓ બોજ નથી. આરોપી પતિએ અદાલતના આદેશ મુજબ દીકરીને પ્રતિમાસ રૂ.૮ હજાર અને પત્નીને દર મહીને રૂ.૪૦૦ આપવાના અદાલતનાં આદેશ છતાં રકમ ચુકવવામાં ગલ્લાતલ્લા ચાલુ રાખ્યા હતા.

આ કેસ ફરીથી સુનવણી માટે આવ્યો ત્યારે ફરિયાદી પત્નીનું અવસાન થઇ ચૂક્યું હતું. આ શખ્સે એવી દલીલ કરી હતી કે, મેં બાકીની રકમ ચૂકવી આપી છે. પરંતુ અદાલતે કાયદાનો અભ્યાસ કરી રહેલી દીકરીને ૮મી ઓગસ્ટ સુધીમાં રૂ.૫૦ હજાર ચૂકવી દેવાનો આદેશ આપ્યો હતો.(૨.૧૨)

# આપણી ભાવિ પેઢી ખાતર પર્યાવરણનું જતન કરીએઃ રામનાથ કોવિંદ



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૫

વિદાય લેતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે એમના રાષ્ટ્રજોગ આખરી પ્રવચનમાં પર્યાવરણની સુરક્ષા પર ભારે ભાર મુક્યો હતો અને જણાવ્યું હતું કે, આપણા સંતાનોના ભવિષ્ય ખાતર આપણે પર્યાવરણનું જતન કરવું જ પડશે.

રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે, ગામડાંઓ અને નગરો તથા મહાનગરોમાં યુવાનોએ એમના મૂળ પ્રત્યે સભાન થવાની જરૂર છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટ જીલ્લામાં ૭ પશુના મોત

## જિલ્લાના ૧૧ તાલુકામાં ૬૬ ગામોમાં ૭૪૮ પશુઓમાં લમ્પીના લક્ષણો જોવા મળ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેર સહિત સમગ્ર જિલ્લામાં પશુઓમાં લમ્પી સ્કિન ડિસીઝનો ઉપદ્રવ વધતા માલધારીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. હાલ ગામડે ગામડે પશુઓ પર આ વાઇરસની વધતા ઓછા પ્રમાણમાં અસર જોવા મળી રહી છે. રાજકોટ જિલ્લા પશુપાલન અધિકારી ડો. કે. યુ. ખાનપરાએ મીડિયાને જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં લમ્પીથી સત્તાવાર રીતે ૭ પશુઓનાં મોત થયા છે. પડધરી તાલુકામાં લમ્પીનું સંક્રમણ વધુ ફેલાયું છે.


વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હાલ જિલ્લાના ૧૧ તાલુકામાં કુલ ૬૬ ગામોમાં કુલ ૭૪૮ પશુઓમાં લમ્પીના લક્ષણો જોવા મળ્યા છે, તંત્ર દ્વારા કુલ ૩૦,૧૨૯ દુધાળા પશુમાં વેક્સિનેશન કરાયું છે. લમ્પીના શંકાસ્પદ લક્ષણો ધરાવતી ગાયોને ગોટપોક્સ રસી આપવાનું શરૂ કરાયું છે. આ પ્રકારની રસી આપ્યા બાદ પશુમાં આ વેક્સિનની પોઝિટિવ અસર થતા સહેજે પંદરથી વીસ દિવસનો સમય લાગતો હોય છે. હાલ રાજકોટ જિલ્લામાં જરૂર જણાય તેવા પશુઓમાં વેક્સિનેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/

# ડાયાબીટીસ, કેન્સર, હૃદયરોગની દવાઓ ૭૦% સસ્તી બની જશે



## સરકાર આ રોગોના ઈલાજમાં પ્રાથમિક આવશ્યક દવાઓની કિંમતો ખાસ નિયમન હેઠળ લાવશે

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૫

સ્વતંત્રતા દિને કેન્દ્રની મોદી સરકાર દેશના લોકોને એક ખાસ રાહત આપશે. સરકાર કેન્સર, ડાયાબીટીસ અને હૃદયના રોગો સાથે જોડાયેલી અને જે દવાઓ જીવન બચાવવા માટે તથા આવશ્યક દવાઓની યાદીમાં આવે છે. તે દવાઓ ૭૦% જેટલી સસ્તી બનાવવા જઈ રહી છે જેનાથી આ પ્રકારના રોગમાં દર્દીઓને મોટી રાહત મળશે.

વાસ્તવમાં એક સમયે 'રાજરોગ' ગણાતા એટલે કે બહું શ્રીમંતોને લાગુ પડતો ડાયાબીટીસનો રોગ આજે વ્યાપક બની ગયો છે અને એક વખત આ રોગ લાગુ પડી જાય પછી તેનો ઈલાજ નથી. ફક્ત તે કંટ્રોલમાં રહે તે મહત્વનું છે. આ ઉપરાંત દેશમાં કેન્સરના દર્દીઓ વધી રહ્યા છે અને ડાયાબીટીસ વિ. કારણે હૃદયરોગ કે તેવી બિમારી પણ વધી છે.

સરકાર હવે ખાસ પ્રસ્તાવમાં આ દવા ૭૦% જેટલી સસ્તી થાય તે જોવા જઈ રહ્યું છે. બે વર્ષ પૂર્વે ડ્રગ રેગ્યુલેટર દ્વારા કેન્સરની ૪૧ દવાઓ જે ૫૨૬ બ્રાન્ડ હેઠળ વેચાતી હતી તેને ડ્રગ-પ્રાઈઝ કંટ્રોલ હેઠળ લાવી તે ૯૦% સસ્તી કરી હતી.

સરકાર હવે આવશ્યક દવાઓની યાદી બદલીને ડાયાબીટીસ, કેન્સર, હૃદયરોગના ઈલાજમાં જે દવાઓની પ્રાથમિક રીતે જરૂર પડે છે તેને હવે આવશ્યક દવાઓની યાદીમાં સામેલ કરશે જેથી તેનો નફો મર્યાદીત ૮ થી ૧૫% કરવા કંપનીઓને ફરજ પડશે. જે હાલ ૧૦૦% જેવો છે.(૯)

# હિમાચલમાં અનરાધાર વરસાદ વચ્ચે પરોઢીયે પૂર બ્યાસ નદી ગાંડીતૂર

## લોકોને સાયરન વગાડીને જગાડાયા



(એજન્સી સમાચાર)

મનાલી તા.૨૫

હિમાચલ પ્રદેશમાં અનરાધાર વરસાદ વચ્ચે બ્યાસ નદી ગાંડીતૂર બનતા પૂર પરિસ્થિતિ સર્જાઈ હતી અને સેંકડો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. વ્હેલીસવારે ઓચિંતુ પૂર આવતા પુલ ધરાશાયી થયો હતો. ઉપરાંત રેસ્ટોરાં સહિતની ઈમારતો જળમગ્ન થઈ હતી.

રોહતાંગ, સોલંગનાલા તરફથી સહાયક નદીઓમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play SK NEWS સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.


CMYK

## ખાતરના નામે રેતી વેચવાના કૌભાંડનો પર્દાફાશ થવાની તૈયારીમાં

# આણંદની અદીત પ્રા.લી. કંપની દ્વારા અનેક ખેડૂતોને ઉલ્લુ બનાવી ખાતરને બદલે રેતી ધાબડીનો આક્ષેપ

### ખેડૂતને અંદાજે ૨ લાખથી વધુનું નુકશાનઃ આવા કેટલા ખેડૂતો ભોગ બન્યા હશે તે આંકડો મેળવો મુશ્કેલ

### ખાતરની બેગમાં લખવામાં આવ્યું કે નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાસ, કેલ્શિયમ, સલ્ફર યુક્ત પોડકટ પરંતુ અંદર રેતીનું મિશ્રણ






### ૫૦ કિલો ખાતરની બેગમાં ૨૦ કિલો રેતી હોવાનો ખેડૂતોનો આક્ષેપ

### ભોગ બનનાર ખેડૂતની આપવિતી જાણીને તંત્ર દ્વારા તટસ્થ તપાસ થાય તો અનેકના તપેલા ચડી જાય તો પણ નવાઈ નહીં

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૫

દેશના ગ્રામીણ ક્ષેત્રોની લગભગ ૫૮ ટકા લોકો ખેતી પર નિર્ભર છે. ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે. ત્યારે હાલમાં અભણ જગતનો તાત એટલે કે ખેડૂત સાથે પણ છેતરપિંડીના બનાવોમાં દિવસેને દિવસે વધારો થતો જોવા મળી રહ્યો છે. ખેડૂતને ખોટું બિયારણ રાસયણીક ખાતર, દવાઓ ધાબડી દેતા દુકાનદારો કે એજન્ટો જરા પણ અચકાતા નથી કારણકે ખેડૂત અભણ છે તેને એજન્ટો દ્વારા ખોટી વાતો કરીને છેતરવામાં આવતા હોય છે. તંત્ર દ્વારા અનેક વખત આવા આરોપીન પકડીને પાઠ ભણાવવામાં આવતો હોય છે.

તેવો જ તાજેતરમાં ફરી એક કિસ્સો આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. રાજકોટ જિલ્લાના વિછીંયા તાલુકાનું એક ગામમાં એક ખાનગી કંપનીના એજન્ટો દ્વારા અનેક ખેડૂતોને ખાતરની જાહેરાતો કરવામાં આવી છે. અને ખેડૂતોને બીજા ખાતરો કરતા સસ્તુ છે ને સારૂ છે જેવા તેમજ ઓર્ગોનીક ખાતર છે તેવા ખોટા સપનાઓ બતાવીને ખાતરના ઓર્ડરો લીધા હતા. ઓર્ડર ગત ત્રીજા મહિનામાં લેવાયા હતા અને ચોથા મહિનામાં ખાતરની ડિલવરી આપવામાં આવી હતી પરંતુ ત્યારે સિઝન ન હોવાને કારણે ખાતર ખેડૂતોએ ઘરમાં જ સાચવીને રાખી દીધુ હતું હાલમાં વરસાદ સારો થતા ખેડૂતોઓ વાવણી કરીને પાક સારો થાય તે હેતુસર લીધેલ ખાતર નાખવાનું શરૂ કરેલ હતું કેટલાક ખેડૂતોએ તો ખાતર નાખી દીધુ કહી ખબર ન પડી પરંતુ એક જાગૃત ખેડૂત જ્યારે પોતાના ૨૦ વિઘાના કપાસમાં ખાતર નાખતા હતા ત્યારે તેને ખાતરમાં કોઇ શંકા ગઇ અને તેને ખાતરને નિરખીને જોતા ચાર આંખ થઇ ગઈ હતી કારણકે તેને ખાતરમાં તેનો પાક નિષ્ફળ જતો દેખાવા લાગ્યો હતો અને પછી ખાતરની બીજી બોરીઓ ખોલીને જોયુ તો તેમાં પણ ખાતરને બદલે રેતી જોવા મળી હતી અને છેતરયાનો વસવસો કર્યો હતો ખેડૂતે ‘સૌરાષ્ટ્ર ક્રાંતી’નો સંપર્ક કર્યો હતો અને પોતાનો વસવસો વ્યક્ત કર્યો હતો ખેડૂતે આંસુ ભરેલ આંખે અને આક્ષેપ કરતા જણાવેલ કે તેને એક એજન્ટ દ્વારા આર્ગોનીક ખાતર છે કહી નકલી રેતી વાળુ ખાતર ધાબડી દીધુ હતું અને જેના કારણે મારો ૨૦ વિઘાનો કપાસ બગડે તેવી ભીતી સર્જાઇ છે. સમગ્ર ખાતરની ૫૦ કિલોની બોરીમાં ૨૦ કિલો રેતી હોવાનો અંદાજ છે. જગતનો તાત પોતે પરસેવો પાડીને પોતાની રોજીરોટી ચલાવતો હોય છે.

લોકોને ખાવાનું અનાજ પુરૂ પાડતો હોય છે તેને પણ છેતરવામાં આવે છે. આ આવારા તત્વોને તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવી જોઇએ અને પાઠ ભણાવવો જોઇએ તો અનેક ખેડૂતો ભોગ બનતા અટકી શકે.



સમગ્ર મામલે તપાસ કરતા હજુ અનેક ખેડૂતો ભોગ બન્યાનું પણ ચર્ચાઇ રહ્યું છે. અને આગામી સમયમાં ખાતર બનાવતી આણંદની અદીત પ્રા.લી. કંપની સામે કાનુની લડત મંડાઇ તેવી શક્યતાઓ વસાઇ રહી છે. આગામી સમયમાં તંત્ર દ્વારા ખેડુતોની વેદનાને સમજીને શું કાર્યવાહી કરવામાં આવે તે જોવાનું રહ્યું.

---

## લમ્પી વાયરસને કાબુમાં લેવા કરાઈ સફળ કામગીરી

# વ્રજ ફાઉન્ડેશન દ્વારા ૨૬00 ગાયને રસીકરણ કરાયું



### ખંભાળીયાના આજુબાજુ ગામ તથા હરીપર ગામોમાં ૮0% ઉપર ગાયમાતાને વેકિસન અપાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા. ૨૫

સમગ્ર ગુજરાતમાં હાલ ગાયમાતામાં ‘લમ્પી’ નામનો વાયરસ જોવા મળેલ છે અને આ વાયરસ ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક જીલ્લાઓમાં ખૂબજ ઝડપથી પ્રસરી રહેલ છે , અને આ રોગ એ ઘણી ગાયમાતાનો ભોગ લીધેલ છે, જે બાબત વ્રજ ફાઉન્ડેશનના ધ્યાને આવતાં તેઓએ આ રોગને કાબુમાં લેવા અને ગાયમાતાના રક્ષણ માટે નિઃશુલ્ક રસીકરણ તા.૨૧/૫/થી ખંભાળીયા તાલુકામાં ગાયમાતાને ચાલુ કરેલ હોય અને આજદીન સુધી આ વેકિસનેશનની કામગીરી કાર્યરત છે , આ વેકિસનેશનની કામગીરીમાં એનીમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ તથા તેમના ટ્રસ્ટના સભ્યોનો ખૂબજ મહત્વનો નિઃશૂલ્ક સહકાર મળેલ હોય અને આ લાઈવ વેકિસનેશન ગાયમાતાને આપવા હરીપર રહેવાસી વિજયભાઈ ભાંગરાનો ખૂબ મોટો ફાળો આપી તદ્ન ફ્રી સેવા આપી તેઓ એક ઉમદા કાર્ય કરી રહેલ છે.

વ્રજ ફાઉન્ડેશન દ્વારા તા. ૨૧/૫ થી અત્યાર સુધીમાં કુલ ૨૬૦૦ ગાયમાતાને સફળપૂર્વક વેકિસનેશન કરવામાં આવેલ છે અને હજુ આ વેકિસનેશનની કામગીરી સતત ચાલુ છે અને ખંભાળીયાના આજુબાજુના ગામ જેમ કે બેહ, ગગા, કોઠા વિસોત્રી, દાતા તથા હરીપર ગામો માં ૮૦ % ઉપર ગાયમાતાને રસીકરણ કરવામાં આવેલ છે.

વ્રજ ફાઉન્ડેશન, એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ, વિજયભાઈ ભાંગરા તેમજ સદર ગામોના સરપંચઓ દ્વારા તેઓના સહકાર બદલ ખુબ ખુબ આભાર વ્યકત કરે છે. આ રોગ પર કાબુ મેળવવા ખંભાળીયા તાલુકાના આજુબાજુના ગામોના સરપંચઓ તથા આગેવાનો પોતાના ગામની ધણીયાતી તેમજ બિનવારસુ ગાયોને નિઃશુલ્ક પણે રસીકરણ ઝડપથી પુર્ણ થાય તે માટે વ્રજ ફાઉન્ડેશનના હેલ્પલાઈન નંબર ૮૪૬૯૫૧૨૦૧૨ તથા એનીમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના હેલ્પલાઈન નંબર ૯૬૮૭૪૫૯૪૪૪ પર સંપર્ક કરવા અપીલ કરે છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

---

# ખોખડદડ ગામની મુલાકાત લેતા સી.આર.પાટીલ





### ભાજપ અગ્રણી બાબુભાઈ નસીત અને ગામના આગેવાનો સાથે મોકળા મને ચાય પે ચર્ચા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

બે વર્ષથી સતત રાજકીય પ્રવાહમાં કાર્યરત રહી ગુજરાત ભાજપમાં નવા જોમ અને જુસ્સાનો સંચાર કરનાર પ્રદેશ પ્રમુખના સફળ નેતૃત્વના રહસ્ય માટેનું વધુ એક ઉદાહરણ સી.આર.પાટીલએ ગત રાજકોટ જીલ્લાની મુલાકાત દરમ્યાન જોવા મળ્યું. સી. આર. પાટીલ લોઠડા ખાતેના વૃક્ષારોપણ કાર્યક્રમમાં હાજરી આપવા ગયા ત્યારે ત્યાંથી પરત ફરતી વેળાએ રસ્તામાં આવતા ખોખડદડ ગામ રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખનું ગામ છે તે ખ્યાલ આવતા તેઓ બાબુલાલ નસીતના ઘેરચાનો સ્વાદ માણીને નાના અગ્રણીને પ્રોત્સાહિત કર્યા હતા. નાનામાં નાના કાર્યકરનો ઉત્સાહ વધારવામાં સી.આર.પીટીલ હંમેશા તત્પર હોય છે.

સી.આર.પાટીલ બાબુભાઈ નસીતના ઘેર રહ્યાના વાવડ મળતા જ ગામના સરપંચ, આગેવાનો તથા લોકો આવકારવા એકત્રિત થઈ ગયા હતા. ગુજરાતમાં ચૂંટણી આવી રહી છે ત્યારે સી.આર.પાટીલ સમગ્ર ગુજરાતના પ્રવાસો કરી રહ્યા છે. ત્યારે એક કાર્યકર્તાના ઘરે ચા પાણી પીવા પધારે ત્યારે કાર્યકર્તાઓનો ઉત્સાહ બેવડાતો હોય છે.

આ જ પાર્ટી વીથ ડિફરન્સ છે. તેમની સાથે પ્રદેશ ભાજપના મહામંત્રી વિનોદભાઈ ચાવડા, રાજયમંત્રી અરવિંદભાઈ રૈયાણી, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, જીલ્લા ભાજપના પ્રમુખ મનસુખભાઈ ખાચરીયા, પ્રદેશ પ્રવકતા ભરતભાઈ ડાંગર, પ્રદેશ યુવા ભાજપ પમુખ પ્રશાંતભાઈ કોરાટ, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, ડેપ્યુટી મેયર દર્શિતાબેન શાહ, જીલ્લાના મહામંત્ર નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલા, પ્રદેશના અગ્રણી ચેતનભાઈ રામાણી, સંજયભાઈ ખુંટ, ખોખડદડ ગ્રામપંચાયતના સરપંચ નકુભાઈ હુંબલ, ઉપસર પંચ વલ્લભભાલ ખુંટ તેમજ સભ્યઓ અને ગ્રામજનો બાબુભાઈ નસીતના ઘરે ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું હતું.(૧૩.૧૧)

---

## થાન રેલ્વે સ્ટેશને કાલે તા.૨૬ મી એ બ્લોક જાહેર

# ડબલ ટ્રેકના કામને કારણે રેલ વ્યવહારને અસર

### બે ટ્રેનો સંપૂર્ણ તો આઠ ટ્રેનો આંશિક રદ્દ, ત્રણ ટ્રેનો મોડી પડશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા. ૨૫

રાજકોટ ડિવિઝનના થાન સ્ટેશન પર ડબલ ટ્રેકના કામ હેઠળ ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગના કામ માટે ૨૬ જુલાઈ, ૨૦૨૨ના રોજ બ્લોક લેવામાં આવશે, જેના કારણે રેલ વ્યવહારને અસર થશે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફ ના જણાવ્યા અનુસાર, જે ટ્રેનોને અસર થશે તેની વિગતો મુજબ,

તા. ૨૬મી એ વડોદરા - જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ અને ઈન્દોર-વેરાવળ મહામના એક્સપ્રેસ સંપૂર્ણ રદ્ કરાઇ છે. જયારે ભાવનગર-ઓખા એક્સપ્રેસ આજે તા. ૨૫ ના રોજ ભાવનગરથી સુરેન્દ્રનગર ચલાવવામાં આવશે. આમ, આ ટ્રેન સુરેન્દ્રનગર-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ઓખા-ભાવનગર એક્સપ્રેસ તા.૨૬ના રોજ સુરેન્દ્રનગરથી ભાવનગર ચલાવવામાં આવશે. આમ, આ ટ્રેન ઓખા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

અમદાવાદ-સોમનાથ ઇન્ટરસિટી એક્સપ્રેસ તા.૨૬ના રોજ અમદાવાદથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આમ આ ટ્રેન સુરેન્દ્રનગર-સોમનાથ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

સોમનાથ-અમદાવાદ ઇન્ટરસિટી એક્સપ્રેસ તા.૨૬ના રોજ સુરેન્દ્રનગરથી અમદાવાદ સુધી ચલાવવામાં આવશે. આમ આ ટ્રેન સોમનાથ-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

મુંબઈ સેન્ટ્રલ-હાપા દુરંતો એક્સપ્રેસ આજે તા.૨૫ ના રોજ મુંબઈ સેન્ટ્રલથી અમદાવાદ સુધી ચલાવવામાં આવશે. આમ, આ ટ્રેન અમદાવાદ-હાપા વચ્ચે આંશિક રીતે રદ્ રહેશે.

હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરાન્તો એક્સપ્રેસ તા.૨૬ના રોજ અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ સુધી ચલાવવામાં આવશે. આમ, આ ટ્રેન હાપા-અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. બાંદ્રા-જામનગર હમસફર એક્સપ્રેસ આજે તા.૨૫ ના રોજ બાંદ્રાથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આમ આ ટ્રેન સુરેન્દ્રનગર-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જામનગર-બાંદ્રા હમસફર એક્સપ્રેસ તા. ૨૬ના રોજ સુરેન્દ્રનગરથી બાંદ્રા સુધી ચલાવવામાં આવશે. આમ આ ટ્રેન જામનગર-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. તા. ૨૬ (મંગળવાર) ના રોજ મુંબઈ સેન્ટ્રલ - પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ માર્ગમાં ૨૦ મિનિટ મોડી પડશે. રીવા - રાજકોટ એક્સપ્રેસ માર્ગમાં ૧ કલાક ૪૫ મિનિટ મોડી પડશે. તુતીકોરીન-ઓખા વિવેક એક્સપ્રેસ માર્ગમાં ૨ કલાક મોડી પડશે.

---

# શુક્રવારે પુષ્પ નક્ષત્રમાં શ્રાવણ માસનો પ્રારંભ થશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

તા.૨૯ને શુક્રવારે શ્રાવણ માસનો પ્રારંભ થશે. તા.૨૯ને શુક્રવારે પુષ્પ નક્ષત્ર ધર્મ-પૂજા, પાઠ માટે શુભ ગણવામાં આવે છે. આમ શ્રાવણ સુદ એકમના દિવસે પુષ્પ નક્ષત્ર હોતા આ વર્ષ શ્રાવણ માસ વધારે શુભ ગણાશે.

પુરાણ પ્રમાણે તથા પંચાગ પ્રમાણે શ્રાવણ માસના ચારેય સોમવારે આ પ્રમાણે પુજા કરવાથી જીવનમાં સુખ-શાંતી મળશે.

આ પૂજાને શિવ મુસ્ઠિ કહેવામાં આવે છે. શિવમુષ્ટિ એટલે એક મુઠ્ઠી ધાન્ય શિવજી ઉપર ચડાવું,



તા.૧.૮ પહેલા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી ચોખા ચડાવા, તા.૮ બીજા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી કાળા તલ ચડાવા, તા.૧૫ ત્રીજા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી મગ ચડાવા, તા.૨૨ ચોથા સોમવારે શિવજી ઉપર એક મિઠ્ઠી જળ ચડાવા,

આમ ચારેય સોમવાર ધાન્યથી પલજા કરવાથી જીવનમાં શાંતિ મળે છે. અને પ્રગતિ થાય છે.

તે ઉપરાંત શ્રાવણ માસ દરમ્યાન ધન પ્રાપ્તી માટે કાળાતલથી પૂજા કરવી. રાજયોગ માટે ઘીથી પુજા કરવી.

જીવનમાં તથા વાણીમાં મીઠાશ માટે સાકરવાળા જળથી પૂજા કરવી, રોગ મુકતી માટે દુધથી પૂજા કરવી ઉત્તમ ગણાય છે.

આ વર્ષ શ્રાવણ મહિનો પુરા ૩૦ દિવસનો છે.

શ્રાવણ મહિનાની પુર્ણાહુતી શ્રાવણ વદ અમાસને શનિવાર તા.૨૭-૮ના શનિવારી અમાસે થશે.

**(શાસ્ત્રી રાજદીપ જોષી-વૈદાંત રત્ન)**

---

## વોર્ડ નં. ૧૦ના મહિલા સત્સંગ મંડળ અને મંદિરના સંચાલક મંડળના સંયુક્ત ઉપક્રમે

# રાજકોટ રામેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસમાં અનેકવિધ કાર્યક્રમો યોજાશે

### રૂદ્રાભિષેક, પૂજન-અર્ચન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા. ૨૫

રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા સત્સંગ મંડળ અને મંદિરના સંચાલક મંડળના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૨૯મી જુલાઈ શુક્રવારથી આખો શ્રાવણ માસ રામેશ્વર મહાદેવ મંદિરમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે. પરોઢથી રાત સુધી મંદિરમાં શિવપૂજા-અર્ચન, રૂદ્રાભિષેક, મહાઆરતી, દિપમાલા અને સત્સંગ મંડળે ભજન-ધૂનનું આયોજન કર્યું છે. શ્રદ્ધાળુઓને સમજાવી શિવને પ્રતિક દૂધ ચડાવી વધેલું દૂધ એકઠું કરી બપોરે દૂધ જરૂરીયાતમંદ વસાહતમાં આપવામાં આવશે. દૂધનો બગાડ કરવામાં આવશે નહીં. મંદિરમાં કોઈપણ જાતના ફંડફાળા કરવામાં આવતા નથી. દૂધના સળંગ અભિષેક માટે પાબંદી કરવામાં આવી છે. દરરોજ બપોરે એક સુધી જ અભિષેક, જલાભિષેક, રૂદ્રી, પૂજા-પાઠ વગેરે સમય નક્કી કરવામાં આવ્યો છે.

મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ અને વિનોદરાય ભટ્ટની નિગરાનીમાં શ્રાવણ માસમાં આખો ધાર્મિક કાર્યક્રમો માટે જવાબદારી સોંપવામાં આવી છે. તેમની સાથે શોભનાબેન ભાણવડિયા, હંસાબેન ચુડાસમા, હર્ષાબેન પંડ્યા, ભારતીબેન રાવલ, આશાબેન મજેઠીયા, યોગીતાબેન જોબનપુત્રા, અલ્કાબેન પંડયા, જયોતિબેન પુજારા ઉપરાંત કમિટીના વિજયભાઈ જોબનપુત્રા, સંજયભાઈ ધકાણ, નવીનભાઈ પુરોહિત, વિનોદરાય ઉપાધ્યાય, ગોવિંદભાઈ ગોહેલ, વિવેકભાઈ રાવલ, પાર્થ ગોહેલ, ભુપતભાઈ મહેતા, એલ. ડી. દવે, પૂજારી પ્રવિણભાઈ જોષી વિગેરે મંદિરમાં સુશોભન, શણગાર, રોશની, હિંડોળા, સોમવાર શિવને વિશેષ પૂજા-મહાઆરતી, દિપમાલા, કમળપૂજા સહિત ભાવપૂર્ણ આયોજન માટે જવાબદારી સોંપવામાં આવી છે. દરરોજ રાત્રીના ઈલેકટ્રીક રોશનીથી મહાદેવધામ શોભાયમાન થશે. મંદિર કમિટીના સુનીતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડીયા અને અલ્કાબેન પંડયાએ પટ્ટાંગણમાં નિયમિત સફાઈ, સ્વચ્છતા અભિયાન અંતર્ગત પ્રચાર કરી શેરીએ શેરીએ અમલ થાય તે માટે કામગીરી ઉપાડી છે. સત્સંગ મંડળે દરરોજ સાંજે સાડા પાંચથી આરતી સુધી ભજન-ધૂન-કિર્તન રાખવામાં આવ્યા છે.

જીવનનગર વિકાસ સમિતિ દ્વારા મંદિરના પટાંગણમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને વ્યસન મુક્તિ, બેટી બચાવો અભિયાન સહિત સરકારના વિકાસશીલ કાર્યક્રમમાં કારોબારી સભ્યો અને રહીશો જોડાવાના છે. દર સોમવારે પ્રભાતફેરી અને વિશેષ સત્સંગ મંડળનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરે અભિષેક માત્ર સવારે ૫ થી બપોરના ૧ સુધીનો સમય નક્કી કર્યો છે તેમ સહવ્યવસ્થપક સુનિતાબેન વ્યાસની યાદીમાં જણાવ્યું છે.(૧૩)

---

# અટલ સરોવર ડેવલોપમેન્ટની કામગીરી ઓક્ટોબર પહેલા પૂર્ણ કરવા અધિકારીઓને તાકીદ કરતા પદાધિકારીઓ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**


રાજકોટ, તા.૨૫

શહેરને કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટ સિટીમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને મહાનગરપાલિકા દ્વારા રૈયા વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૨માં સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટની કામગીરી ચાલુ છે. આજ વિસ્તારમાં શહેરના નગરજનોને ફરવાનું નવું નજરાણું મળે તે માટે અટલ સરોવર ડેવલોપમેન્ટની કામગીરી ચાલી રહી છે. જેના અનુસંધાને તેની સ્થળ મુલાકાત તેમજ ત્યાં ખાતે વૃક્ષારોપણ કરતા મેયર ડો.પ્રદિપ ડવ, રાજકોટ શહેર ભાજપ



કમલેશભાઈ મિરાણી, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, ડે.કમિશ્નર સી.કે.નંદાણી, સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટના અધિકારી વાય.કે.ગોસ્વામી વગેરે ઉપસ્થિત રહેલ.

૬૦% થી વધુ કામગીરી થઈ ગયેલ છે. આગામી ઓક્ટોબર-૨૦૨૨ સુધીમાં અટલ સરોવર ડેવલોપમેન્ટની કામગીરી પૂર્ણ થશે. કામગીરી ઓક્ટોબર પહેલા પૂર્ણ થાય તે માટે પદાધિકારીઓએ અધિકારીઓને તાકીદ કરેલ છે.



PACKAGINGHUB
प्रोडक्ट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

## તંત્રી સ્થાનેથી...

### સીસીટીવી કેમેરાઓની સંખ્યામાં પણ વધારો કરવો જરૂરી

દેશના સર્વાંગી વિકાસ માટે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત હોવી જરૂરી છે અને તેના માટે પોલીસ વિભાગનું આધુનિકીકરણ મહત્વનો ભાગ ભજવે છે. ગુજરાતના આશ્વસ્ત અને વિશ્વાસ પ્રોજેક્ટે રાજ્યના નાગરિકોની સુરક્ષામાં વધારો કર્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યભરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાઓની સંખ્યામાં પણ વધારો કરવો જરૂરી છે. રેલ્વે સ્ટેશન, ખાનગી સોસાયટીઓ, બંદરો, યાત્રાધામો સહિતના તમામ સ્થળો પર લાગેલા કેમેરાઓ ખાનગી હોય તો પણ તેઓની સાથે સંપર્ક કરી ટેકનોલોજીની મદદથી કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમની સિસ્ટમ સાથે જોડવા જોઈએ.

સમગ્ર કેમેરાઓનું નેટવર્ક એક લિંકથી જોડાશે ત્યારે જ રાજ્યના સુરક્ષાચક્રની કલ્પના ખરા અર્થમાં રાજ્યના સુદર્શનચક્રમાં પરિવર્તિત થશે. રાજ્યના કોઈપણ સ્થળે કોઈ ઘટના ઘટે છે ત્યારે ત્યાં તરત જ આપણું પોલીસ તંત્ર પહોંચી શકે તેવો કનેક્ટિવિટીનો વ્યાપ વધારવો જોઈએ. ઈ-કોપની શરૂઆત થઈ ત્યારે સમગ્ર દેશમાં આ પ્રકારની સેવાઓ આપવામાં ગુજરાત પ્રથમ રાજ્ય હતું. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનો કોમ્પ્યુટરરાઈઝ કરવામાં આવ્યા હતા અને પોલીસ કોન્સ્ટેબલથી માંડીને પોલીસ અધિકારીઓની તાલીમમાં ખાસ કોમ્પ્યુટરની તાલીમ પણ ઉમેરવામાં આવી હતી. આજે ત્રિનેત્રની પરિકલ્પના સાકાર થઈ રહી છે તેની શરૂઆત પણ આપણે ઈ-કોપથી જ શરૂ કરી હતી. ઈ-એફ.આઇ.આરની સુવિધા પણ ઈ-કોપના સોટવેરમાં હતી.

ઈ-કોપથી ત્રિનેત્ર સુધીની ગુજરાત પોલીસની અદ્યતન થવાની યાત્રાને સ્વપનને ખરા અર્થમાં સાકાર કરી રહી છે. સમગ્ર દેશના ૯૬ ટકા જેટલા પોલીસ સ્ટેશન ઓનલાઇન થયા છે. ઇન્ડિયન સાયબર કોઓર્ડીનેશન સેન્ટરની પણ રચના કરવામાં આવી છે. આ તમામ અદ્યતન ટેકનોલોજી ભારત સરકારે ખરીદી છે. કોઈ રાજ્ય સરકારે આ ટેકનોલોજી અલગથી ખરીદવાની જરૂર નથી માત્ર ભારત સરકાર પાસેથી એક્સટેન્શન લેવાની જરૂર છે. ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં ૮૦ના દાયકાથી લઈ ૨૦૨૨ સુધી બહુ મોટા સકારાત્મક ફેરફારો થયા છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં આટલું મોટું પરિવર્તન અને ગુનેગારો સાથેના સખ્ત વલણને પરિણામે જ શક્ય બન્યુ છે. રાજ્યની દરિયાઇ સીમાઓ ઘુષણખોરીથી ત્રસ્ત હતી આ તમામ દરિયાઇ સીમાઓ સુરક્ષિત થઇ છે અને ઘુસણખોરી સંપૂર્ણ બંધ થઇ છે. એટલુ જ નહિ, ઘુસણખોરી, દાણચોરી સહિતના દૂષણો ભૂતકાળ બની ગયા છે. રાજ્યની પોલીસે આધુનિક, ટેકનોસેવી અને સંવેદનશીલ બની રાજ્યના વિકાસની ગતિમાં વધારો કર્યો છે.

# થોરાળામાં તારા ભાઈને મારી નાખીશ કહી યુવકે સગીરા પર દુષ્કર્મ આચર્યું

**ભગવતી સોસાયટીના હવસખોર વિરુધ્ધ કાર્યવાહીઃ મોબાઇલમાં મેસેજ કરતો હોઇ તેના આધારે તપાસ થતાં ભાંડો ફુટયો, થોરાળા પોલીસે ગુનો નોંધ્યો**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ.તા.૨૫

રાજકોટ શહેરમાં બે દિવસ પહેલા પાલક પિતા અને કારખાનેદારે સગીરા પર નજર બગાડી અવારનવાર બળાત્કાર ગુજાર્યાનો બનાવ હજુ ભુલાયો નથી ત્યાં આજે વધુ એક સગીરા હવસનો શિકાર બની હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે.રાજકોટના થોરાળા વિસ્તારમાં રહેતી એક સગીરા પોતાના ઘરે હતી ત્યારે તેના પાડોશી શખ્સે મોબાઈલમાં કોલ કરી અગાસી પર બોલાવી બળજબરીથી દુષ્કર્મ આચરી ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ થોરાળા પોલીસ મથકમાં નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસે ભોગ બનેલી ધોરણ-૧૧માં ભણતી છાત્રાના માતાની ફરિયાદ પરથી લાલો ઉર્ફ ગુલશનઅલી નામના પરિણીત ઢગા વિરૂધ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. મહિલાએ પોલીસને જણાવ્યું છે કે તેમને ત્રણ સંતાન છે. તે પૈકી પંદર વર્ષની દિકરી ધોરણ-૧૧માં ભણે છે. લાલો નામના શખ્સે આ બાળાને ફસાવી હતી અને દસેક દિવસ પહેલા મધરાતે ત્રણેક વાગ્યે ફોન કરી તેના નાના ભાઇને મારી નાંખવાની ધમકી આપી અગાસીએ બોલાવી બળાત્કાર ગુજારી લીધો હતો અને કોઇને વાત કરીશ તો તારા ભાઇને મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. આ મામલે ગઇકાલે થોરાળા પોલીસને જાણ કરી હતી.

બાળાના માતાએ જણાવ્યું હતું કે લાલાના દિકરાને નિશાળમાં બેસાડવાનો હોઇ અને લાલો તથા તેની પત્નિ કચ્છથી અહિ રહેવા આવ્યો હોઇ અજાણ્યા હોઇ જેથી અમે તેને મદદ કરી હતી. એક વખત અમારા આધારકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ ઘરે રહી ગયા હોઇ લાલાને તે લઇ આવવા જાણ કરતાં તેમાં મારા મોબાઇલ નંબર લખેલા હોઇ તે લાલાએ નોંધી લીધા હતાં. આ મોબાઇલ ફોન લોકડાઉન વખતે ઓનલાઇન ભણતર ચાલુ હોઇ મારી ૧૫ વર્ષની દીકરી વાપરતી હતી. ત્યારે કોઇપણ રીતે લાલાએ તેણીને ફસાવી હતી અને મેસેજ કરવાનું ચાલુ કર્યુ હતું.

દરમિયાન મારા પતિએ થોડા દિવસ પહેલા આ મેસેજ વાંચતા તપાસ કરતાં લાલો મેસેજ કરતો હોવાનું અને તે મને મેસેજ કરે છે તેવી શંકા મારા પતિને ઉપજતાં અમારી વચ્ચે બોલાચાલી થઇ હતી. એ પછી તેમણે મોબાઇલ સ્કેન કરી રાખ્યો હતો. ત્યાર પછી જાગી ગઇ કે શું? શું કરે છે? કેમ છે? સહિતના મેસેજ લાલા તરફથી આવતાં મારા પતિએ તેની સાથે સ્કેન કરેલા મોબાઇલથી રિપ્લાય આપવાનું ચાલુ કર્યુ હતું. ત્યારે લાલાને એમ હતું કે આ મેસેજ મારી દિકરી તેને કરી રહે છે. ત્યારબાદ લાલાએ જ કોઇને વાત કરી હતી કે તે મારી દિકરીને આ મેસેજ કરે છે. આથી અમે તેને પકડીને પદાર્થપાઠ ભણાવ્યો હતો. આ પછી અમારી દીકરીની લાલાએ તેની સાથે ગત ૧૫મીએ મોડી રાતે નાના ભાઇને ધમકી આપી અગાસીએ બોલાવી દૂષ્કર્મ આચરી લીધાની જાણ કરતાં અમે ફરિયાદ નોંધાવી હતી. પીઆઇ જે. આર. દેસાઇ, કેલ્વીનભાઇ સાગર સહિતે ગુનો નોંધી આરોપીને પકડી લેવા તજવીજ શરૂ કરી છે.

# રાજસ્થાનના ચાંદીના કારીગરનું ગ્રીનલેન્ડ ચોકડીથી અપહરણ કરી લૂંટ

**અપહરણ કરી ૫૦ હજારની માંગણી કરાઇઃ બી-ડિવિઝન પોલીસે મોબાઇલ ટ્રેસ કરી પીછો કરતાં ચાર લૂંટારા લોઠડા નજીક ખેતરમાં અર્ટીગા કાર અને અપહુતને મુકીને ભાગી ગયા**




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા. ૨૫

શહેરની ગ્રીનલેન્ડ ચોકડીએથી રાજસ્થાન જવા માટે જે બસ પકડવાની હતી તે ચુકાઇ જતાં આ બસ લીંબડી પાસે ઉભી રહેવાની હોઇ ત્યાં સુધી પહોંચવા રાજસ્થાનના ચાંદીકામના કારીગર ગ્રીનલેન્ડ ચોકડીથી એક અર્ટીગા કારમાં બેસતાં તેમાં રહેલા ચાર શખ્સોએ ધોકો બતાવી તમારૂ અપહરણ થઇ ગયું છે, છુટવું હોય તો પચાસ હજાર આપવા પડશે કહી ધમકાવતાં ગભરાયેલા રાજસ્થાની આધેડે પોતાના પુત્રને ફોન કરી ઓનલાઇન રૂપિયા મંગાતાં પુત્રએ રાજકોટ સ્થિત કાકાને બનાવની જાણ કરતાં તેમણે પોલીસને વાકેફ કરતાં બી-ડિવિઝન પોલીસે મોબાઇલ ટ્રેસ કરી અપહૃત અને અપહરણકારોનું પગેરૂ દબાવી ગોંડલ હાઇ-વે પર ખોડિયાર હોટેલ પાસે અર્ટીગાને શોધી કાઢતાં લૂંટારૂઓએ કાર ભગાવી મુકતાં પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતાં લોઠડા નજીક કાચા રસ્તે લૂંટારૂઓ કાર અને અપહૃતને છોડીને ભાગી ગયા હતાં. પોલીસે ચાર લૂંટારાઓને શોધખોળ હાથ ધરી છે.

## દારૂના ગુનામાં ફરાર આરોપીને એલસીબીએ દબોચ્યો

**સુ.નગરના સાયલા નજીકના ગરાંભડી ગામના આરોપીનું ગોંડલમાં પકડાયેલા દારૂના ગુનામાં નામ ખુલ્યું હતું**



રાજકોટ તા.૨૫ : રાજકોટ રૂરલ એલસીબીની ટીમે ગોંડલમાં નોંધાયેલા દારૂના ગુન્હામાં દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપી રામજી વિભા સરવૈયા કોળી (ઉ.૨૬)ને ગોંડલ શહેરમાંથી ઝડપી લીધો હતો. આરોપી સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ગરાંભડી ગામનો વતની છે. ગોંડલ સિટી પોલીસ મથક વિસ્તારમાંથી પકડાયેલા દારૂના ગુનામાં તેનું નામ ખુલ્યા બાદથી ફરાર હતો.

# રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા સોમવારે યોજાતો લોક દરબાર ચોમાસાનાં કારણે હાલ પુરતો મોકૂફ

**સાતમાં લોકદરબારમાં પાંચ પ્રશ્નોની રજૂઆત**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

આજે જિલ્લા પંચાયત દ્વારા સાતમો લોકદરબાર યોજાયો. જેમાં કુલ પાંચ પ્રશ્નોની રજૂઆત અરજદારોએ કરી હતી. જેમાં વિકાસ શાખા, તાલુકા પંચાયત જામકંડોરણા, મામલતદાર જામકંડોરણા, ડીઆરડીએ રાજકોટ શાખાનાં પ્રશ્નની રજૂઆત અરજદારોએ કરી છે. ચેતનભાઈ વ્યાસ દ્વારા મનરેગા અંતર્ગત વૃક્ષારોપણની મંજૂરી આપવા, જીગ્નેશભાઈ તળાવીયાએ વાજડીગઢમાં વાડીનાં રસ્તાનું ધોવાણ બાબત, રસીલાબેન ત્રાડા દ્વારા જુના માત્રાવડ, તા. જામકંડોરણા ગામે ખેતીની જમીનમાં ધોવાણ, હરીયાસણ ગામ પંચાયત, તા. જામકંડોરણા ખાતે ગ્રામ પંચાયતમાં પુરતી સુવિધા તથા કોમ્યુનીટી હોલ મંજુર કરવા, ગ્રામ પંચાયત જામગઢ ગામે એલઈડી લાઈટ તથા સ્મશાનમાં સ્નાનઘાટ અને સીસીટીવી માટે ગ્રાન્ટ ફાળવવા અંગેનાં પ્રશ્નોની રજૂઆત અરજદારોએ કરી હતી.

આ લોકદરબારમાં પ્રમુખ ભૂપતભાઈ બોદર, વિરલભાઈ પનારા, ધમેન્દ્રભાઈ ટીલાળા, જેન્તીભાઈ બરોચીયા, જયંતીલાલ પાનસુરીયા, પી.જી.કયાડા, જનકભાઈ ડોબરિયા, સુભાષભાઈ બાંભરોલીયા, સવિતાબેન ગોહેલ, સુમાબેન લુણાગરિયા, ખીમજીભાઈ બગડા, મોહનભાઈ દાફડા, રાજાભાઈ ચાવડા સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહી અરજદારોની રજૂઆતો સાંભળી હતી. હાલ ચોમાસાની પરિસ્થિતિને ધ્યાને લઇ આગામી સોમવારથી જિલ્લા પંચાયત ખાતે દર સોમવારે યોજાતો લોકદરબાર હાલ પુરતો મોકૂફ રાખવાની જાહેરાત પ્રમુખ ભૂપતભાઈ બોદરે કરી હતી.

# તારી જમીન વેચવા નીકળ્યો છો, કહી યુવાનના માથામાં ઉંધી રિવોલ્વર મારતા ફરિયાદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૫

શહેરના નવાગામમાં રહેતા યુવાને તેની માલીયાસણ નજીકની જમીન રૂ.૩.૧૧ કરોડમાં વેચી હોય જેના રૂ. સવા કરોડની રકમ લેણી નીકળતી હોય જે અંગે લેનાર શખ્સે તારા લેણા પૈસા આપવા નથી અને તુ તારી જમીન ફરી વેંચવા નીકળ્યો છો કહી માથામાં ઉંધી રિવોલ્વર મારી તેને તથા તેની સાથેના વધુ ત્રણ શખ્સો નાસી ગયાનું જણાવતા કુવાડવા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ નવાગામ આણંદપર ગ્રામ પંચાયતની ઓફિસ પાસે રહેતા અને ઘર પાસે જ મણી ડીજીટલ નામે મોબાઇલ એસેસરીઝનો વેપાર કરતા ઉમેશભાઇ કિશોરભાઇ સોલંકી (ઉ.૪૨)એ તેની માલીયાસણ નજીક તેના પરિવારની માલીકીની પોણા દસ

**નવાગામમાં બનાવ : કુવાડવા પોલીસમાં ચાર શખ્સો સામે ગુનો**

એકર જમીન રૂ. ૩.૧૧ કરોડમાં દોઢ વર્ષ પહેલા રણછોડનગરમાં રહેતા કમલેશભાઇ ઉર્ફે મુનો માટીયાને વેંચી હતી જેના પોણા બે કરોડ રૂપિયા આપ્યા હતા અને સવા કરોડ થોડા સમય બાદ આપવાનું નક્કી કર્યું હતું.

દરમિયાન ગત તા.૨૪-૭ના રોજ તેના ઘેર હતો ત્યારે કમલેશ માટીયા અને ત્રણ અજાણ્યા શખ્સો કારમાં ધસી આવી બહાર બોલાવી તુ તારી જમીન ફરી વેંચવા નીકળ્યો છો કહી ચારેય શખ્સોએ ઢીકાપાટુ વડે બેફામ માર મારતા તેના પરિવારે સમજાવવા વચ્ચે પડતા તેની કારમાંથી રિવોલ્વર કાઢી ઉંધી માથામાં મારી ધમકી આપી નાસી ગયાનું જણાવતા કુવાડવા પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી તેને પકડી લેવા મથામણ કરી છે.

# પિતાએ ભાડેથી રાખેલી દુકાન બે પુત્રે પચાવી પાડતા લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૫

મનહર પ્લોટ-૧૦માં રહેતા દિલીપસિંહ મનહરસિંહ કામલિયા નામના પ્રૌઢે ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા મનીષ ઉર્ફે લાલાભાઇ બાલકૃષ્ણભાઇ દવે અને તેના ભાઇ અશ્વિનભાઇ સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે. પ્રૌઢની ફરિયાદ મુજબ, ઉપરોકત બંને ભાઇઓના પિતા બાલકૃષ્ણભાઇને પોતાની માલિકીની મનહર પ્લોટ-૧૦માં આવેલી ૩૦ બાય ૩૦ ફૂટની દુકાન ૧૯૯૪માં રૂ.૧૭૫ના ભાડા પર આપી હતી.

દરમિયાન બાલકૃષ્ણભાઇનું ૨૦૧૩માં અવસાન થયા બાદ તેમના બંને પુત્રને દુકાન પરત કરી દેવા કહ્યું હતું, પરંતુ બંને ભાઇઓએ પોતાની દુકાન ખાલી કરી ન દઇ આશાપુરા પાન નામથી દુકાન ચલાવતા હતા. જેથી બંને ભાઇઓને દુકાન ભાડે રાખવી હોય તો ભાડા કરાર કરી લેવા અનેક વખત કહ્યું હતું. તેમ છતાં બંને ભાઇઓએ દુકાન તો ખાલી કરી ન આપી ઉપર જતા છેલ્લા દસ વર્ષથી ભાડું પણ ન આપી પોતાની માલિકીની દુકાન પચાવી પાડી હતી.

જેથી જિલ્લા કલેક્ટરને ગુજરાત જમીન પચાવી પાડવાના અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવા અરજી આપી હતી. જિલ્લા કલેક્ટરે અરજીના પગલે તપાસના હુકમ કર્યા હતા. તપાસ દરમિયાન બંને ભાઇઓએ દુકાન પચાવી પાડી હોવાનું ખૂલતા પોલીસને ફરિયાદ નોંધવા આદેશ કર્યો હતો. એ ડિવિઝન પોલીસમથકના પીઆઇ સી.જી.જોષીએ બંને ભાઇઓ સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી છે.

## કાંગશીયાળી ગામે ચાલતા જુગારધામ પર દરોડોઃ ૮ પકડાયા

શાપર વેરાવળ નજીક કાંગશીયાળી ગામે શિખર પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતો નિલેશ માંકડીયા નામનો શખ્સ જુગારધામ ચલાવતો હોવાની માહિતીના આધારે એલસીબીના પીઆઇ વી.વી. ઓડેદરા સહિતના સ્ટાફે દરોડો પાડી નિલેશ કિશોરભાઇ માંકડીયા, હિંમત કાંતિલાલ દેવહિતકા, રાજેન્દ્રસિંહ કિરીટસિંહ સરવૈયા, સંદિપસિંહ પ્રતાપસિંહ ઝાલા, રુગનાથ માવજીભાઇ મહેતા, ધવલ સુરેશભાઇ સંચાણીયા, ભગવતીબેન વિજયભાઇ સોનરાજ અને વનીતાબેન રામજીભાઇ વાઘેલાની ધરપકડ કરી તેની પાસેથી રોકડ. પાંચ મોબાઇલ મળી કુલ ૩૯ હજારની મત્તા કબ્જે કરી વધુ કાર્યવાહી કરી છે.

# વિરાણી અઘાટની જૂથ અથડામણમાં હત્યાની કોશિશનો ગુનો, ૬ની ધરપકડ

**૩૫ હજારના મુદ્દે ચાલતી તકરારમાં સમાધાન માટે એકઠા થઇ એકબીજા પર તૂટી પડ્યા હતા**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૫

શહેરના ઢેબર રોડ પરના વિરાણી અઘાટ વિસ્તારમાં શનિવારે રાત્રે દશેક વાગ્યે રૂ.૩૫ હજારની ઉઘરાણી મામલે ચાલતી તકરારમાં સમાધાન માટે એકઠા થયેલા બે જૂથે સામસામે હુમલો કર્યો હતો, એક જૂથે ફાયરિંગ કર્યા હતા તો બીજું જૂથ ધોકા, પાઇપથી તૂટી પડ્યું હતું, પોલીસે બંને જૂથના ૧૨ શખ્સ સામે હત્યાની કોશિશનો ગુનો નોંધી ૬ની ધરપકડ કરી હતી. શહેરના કરણપાર્કમાં રહેતા કારખાનેદાર કેયૂર રસિકભાઇ લુણાગરિયા (ઉ.વ.૩૮)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, શનિવારે રાત્રે પોણાદશેક વાગ્યે તે તેના ફઇના દીકરા પ્રતિક ટોપિયાના વિરાણી અઘાટ વિસ્તારમાં આવેલા કારખાને બેસવા ગયો હતો ત્યારે પ્રતિક દિનેશ ટોપિયા, પ્રતિક ગઢિયા, હાર્દિક સોજીત્રા અને મીત સોરઠિયા કારખાના બહાર બેઠા હતા તે વખતે ચિરાગ કાનજી પોકિયા, રૂચિત, વસીમ, અક્ષય, રાહિલ અને એક અજાણ્યો શખ્સ ધસી આવ્યા હતા અને બંને જૂથ વચ્ચે ઝપાઝપી થતાં ચિરાગે પોતાની પાસે રહેલી પિસ્ટલમાંથી ફાયરિંગ કરતાં કેયૂરના સાથળ અને બેઠકના ભાગે ગોળી ખૂંપી ગઇ હતી. ઘવાયેલા કેયૂરને લોહિયાળ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સામાપક્ષે પુનિત સોસાયટીમાં રહેતા કારખાનેદાર ચિરાગ કાનજીભાઇ પોકિયા (ઉ.વ.૨૬)એ વળતી ફરિયાદ નોંધાવી હતી. ચિરાગે ફરિયાદમાં કહ્યું હતું કે, તેના મિત્ર વત્સલના મે મહિનામાં લગ્ન થયા હતા તેના લગ્નનું ડેકોરેશન પ્રતિક દિનેશ ટોપિયાએ કર્યું હતું, જેના રૂ.૩૫ હજારના લેણા બાબતે પ્રતિક પઠાણી ઉઘરાણી કરતો હતો અને જે બાબતે સમાધાન કરાવવા પોતે તથા તેના મિત્રો ગયા હતા પરંતુ ત્યાં પહોંચતા જ કોઇપણ વાતચીત કર્યા વગર દિવ્યરાજ, મીત, કેયૂર લુણાગરિયા, હાર્દિક સોજીત્રા, પ્રતિક ગઢિયા અને પ્રતિક દિનેશ ટોપિયા ધોકાથી તૂટી પડ્યા હતા.જ્યારે ફાયરીંગના ગુનામાં રૂચીત, વસીમને પકડવાના બાકી છે અને ચિરાગ પોકીયા વોકહાર્ટ હોસ્પિટલમાં દાખલ છે. પીઆઇ એલ. એલ. ચાવડા, ક્રાઇમ બ્રાંચ પીઆઇ વાય. બી. જાડેજા, જે. વી. ધોળા, એસઓજી પીઆઇ જે. ડી. ઝાલા, પીએસઆઇ એચ. એન. રાયજાદા તથા ભક્તિનગર, ડીસીબી, એસઓજીની ટીમે આરોપીઓને પકડ્યા હતાં.

# રાજકોટ ક્રાઈમ

## સેન્ડવીચ મશીનના નામે રૂ.૧.૩૪ લાખની છેતરપિંડી

રાજકોટના વેપારી સાથે દિલ્હીના વેપારીએ ૧.૩૪ લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે. રાજકોટના વેપારી જગદીશભાઇ ઠક્કરે દિલ્હીના વેપારી નિરંજન પાસેથી સેન્ડવીચ મશીનની ખરીદી કરી હતી. જે ખરાબ નીકળ્યા હતા જે બાદ ફરી દિલ્હીના વેપારીનો સંપર્ક કર્યો હતો જેને મશીન પરત મોકલી આપવા કહ્યું હતુ અને રૂપિયા પરત મળી જશે તેવું જણાવ્યું હતું જો કે હજુ સુધી રૂપિયા પરત ન મળતા રાજકોટના વેપારીએ દિલ્હીના વેપારી નિરંજન વિરૂધ્ધ છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસે દિલ્હીના વેપારી સામે આઇપીસી કલમ ૪૦૬, ૪૨૦ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ૭ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે વર્ષ ૨૦૧૬થી જમીન કૌભાંડના ગુનામાં નાસ્તા ફરતા આરોપીની મહેસાણા થી ધરપકડ કરી છે. ક્રાઇમ બ્રાન્ચને મળેલ ચોક્કસ બાતમી આધારે છેલ્લા ૭ વર્ષથી ફરાર આરોપી અંકીત નીતિનભાઈ દલાલને મહેસાણાથી પકડી પાડી માલવીયાનગર પોલીસને સોંપી કાર્યવાહી હાથ ધરી છે. જે બાદ માલવીયાનગર પોલીસે આરોપીને રિમાન્ડ અર્થે કોર્ટમાં લઇ જવા કાર્યવાહી હાથ ધરી છે.

## હોટેલમાં રૂ.૧.૧૦ના કોપર રોલની ચોરી

રાજકોટ રેસકોર્ષ રીંગ રોડ પર હોટેલની સાઇટ પર ચોરીનો બનાવ સામે આવ્યો છે. હોટેલની બાંધકામ સાઇટ પર સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં નારાયણનગર-૨ માં રહેતાં પરેશ અશોકભાઇ ચૌહાણ (ઉ.વ.૨૨) નામના યુવાને એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં બાંધકામ સાઇટ પર કોપરના ત્રણ પટ્ટી રોલ અર્થીંગના કામ માટે રાખ્યા હતાં. આ કોપર રોલનું અંદાજીત વજન ૧૨૩.૯૦૦ કિ.ગ્રા. હતું અને તેની કિમત રૂ. ૧,૧૦,૪૪૨ જેટલી થાય છે જે છેલ્લા બે દિવસમાં ચોરી થયાની જાણ થતા પોલીસે ફરિયાદ નોંધી આરોપીને પકડી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

## એસિડ પી લેનાર પરિણીતાનું મોત

રાજકોટ શહેરના કોઠારીયા વિસ્તારમાં આવેલ શિવમ પાર્ક ખાતે રહેતા ૨૬ વર્ષીય પરિણીતાએ એસિડ પી લેતા આજે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ગત તારીખ ૧૭ જુલાઈના રોજ હીનાબેન ગોહેલ (ઉ.વ.૨૬) એ પોતાના ઘરે એસિડ પી લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓએ આજે સવારે સારવાર દરમિયાન દમ તોડી દેતા તેનું મોત નીપજ્યું છે જેની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા આજીડેમ પોલીસને કરવામાં આવતા પોલીસે હોસ્પિટલ પહોંચી મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી પરિવારના નિવેદન નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## દારૂના ગુનામાં વોન્ટેડ આરોપીની ધરપકડ

રાજકોટ શહેર SOG પોલીસ દ્વારા છેલ્લા ચાર વર્ષથી દારૂના ગુનામાં વોન્ટેડ આરોપી ભાસ્કર ઉર્ફે ભાખો વૈઠાની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલ આરોપી ભાસ્કર ઉર્ફે ભાખો વર્ષ ૨૦૧૯માં ભક્તિનગર પોલીસ સ્ટેશન અને વર્ષ ૨૦૨૧માં ક્રાઇમ બ્રાન્ચમાં પકડાયેલ વિદેશી દારૂના જથ્થામાં ચાર વર્ષથી નાસ્તો ફરતો હતો જેની આજે એસઓજી પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પકડાયેલ આરોપી વિરૂધ્ધ અગાઉ ૧૫ જેટલા પ્રોહીબીશનના ગુના નોંધાઇ ચુક્યા છે અને બે વખત પાસા હેઠળ ધકેલવામાં આવ્યો છે. આજે વધુ બે ગુનામાં ઝડપી પાડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કારના કાચ તોડી ૧૫૦૦૦ની ચોરી

શહેરમાં પોલીસનું કોઇ અસ્તિત્વ જ ન હોય તેમ ચોર, ગઠિયાઓ રોજ તક મળતાની સાથે કળા કરી રહ્યાં છે. ત્યારે રેસકોર્સ પાસેના ફનવર્લ્ડ નજીક સાત દિવસમાં બીજી વખત કારના કાચ તોડી ગઠિયો રોકડા રૂ.૧૫૦૦, સ્માર્ટ વોચ, સૌંદર્ય પ્રસાધનના સાધનો મળી કુલ રૂ.૧૫ હજારની મતા સાથેનું પર્સ ચોરી ગયા છે. બનાવ અંગે કચ્છ-ભુજના આદીપુર રહેતા ગોવિંદભાઇ ગુરુમુખદાસ ગ્યાનચંદાણી નામના પ્રૌઢે પ્રદ્યુમ્નનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ગાંધીધામ ખાનગી પેઢીમાં નોકરી કરતા પ્રૌઢ તેમના પરિવારજનો સાથે શનિવારે રાતે રેસકોર્સ ફરવા ગયા હતા. ફનવર્લ્ડની સામે કાર પાર્ક કરી હતી. ત્યારે કોઇ રાત્રીના પોણા નવથી સાડા દસ વાગ્યાના અરસામાં કોઇ દરવાજાનો કાચ તોડી અંદરથી મતા ભરેલું પર્સ ચોરી ગયું છે.

## વૃધ્ધનો એસિડ પી આપઘાત

રાજકોટ : શહેરના ભાવનગર રોડ પર ચૂનારાવાડ ચોક પાસે મફતિયાપરામા રહેતા જીલુભાઈ જેસીંગભાઈ સોલંકી (ઉ.વ.૭૫) આજે સવારે ઘર નજીક એસિડ પી જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, તેનું સારવાર દરમિયાન મોત નિપજતા થોરાળા પોલીસે આપઘાતનું કારણ જાણવા કાર્યવાહી કરી છે.

## જુગાર રમતા પાંચ ઝડપાયા

રાજકોટ : શહેરના કુવાડવા રોડ પર પેટ્રોલિંગ દરમિયાન બી-ડિવિઝન પોલીસે શ્રીરામ સોસાયટીમાં ગંજીપાના વડે જુગાર રમતાં નીશીત પ્રફુલભાઈ પડીયા, જય મુકેશભાઈ નીર્મળ, સોહીલ રહેમાનભાઈ ગોધાવીયા, પારસ બાબુભાઈ ગોરડીયા અને પાર્થ પ્રવીણભાઈ રત્નધારાની બીડીવીઝન પોલીસ મથકના જમાદાર મહેશભાઇ ખાંભલીયા સહિતે ધરપકડ કરી તેની પાસેથી રૂ. ૧૦ હજારની રોકડ સહિતની મત્તા કબ્જે કરી છે.

## બાઈક ચોર ઝડપાયા

રાજકોટ : શહેરમાં પ્રેટ્રોલિંગ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે શંકાસ્પદ બાઈક સવારને અટકાવી પૂછપરછ કરતા તે ખોડિયારનગરમાં રહેતો શાહબાજ ઉર્ફે સબલો સતારભાઈ સુમરા હોવાનું જણાવતા પોલીસે તપાસ કરતા અગાઉ પણ ચોરી, જુગાર સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો હોય પોલીસે તેની અટકાયત કરી વધુ પૂછપરછ કરતા જયાપાર્વતીના જાગરણ દરમિયાન રાત્રીના ૧૫૦ ફૂટ રીંગરોડ પર ગોવર્ધન ચોક પાસેથી બાઈક ઉઠાવ્યું હોવાનું રટણ કરતા પોલીસે તેની ધરપકડ કરી હતી.

**Rajkot Municipal Corporation**
**e - Tender Notice**

Rajkot Municipal Corporation , ENGINEERING DEPARTMENT , EAST ZONE , Shri Zaverchand Meghani Bhavan , Bhavnagar Road , Rajkot-360003 invites e Tenders on percentage rate basis with two bid system from experienced contractors registered in appropriate class with GWSSB OR State / Central Government for the work detailed below

| Sr | Name of work |
| --- | --- |
| 1 | DISPOSAL OF DRAINAGE COMPLAINTS THROUGH PRIVATISATION IN WARD NO.18 (RETENDER ) **( ECV Rs.18,87,900 / - )** |

The last date for downloading and submission of online e Tenders at **www.rmc.nprocure.com** is 04/08/ 2022 . For more details please visit **http://www.rmc.gov.in/rmcwebsite/tender.aspx .**

**CITY ENGINEER**
**Rajkot Municipal Corporation**

## રાજકોટ મનપાની દબાણ હટાવ શાખા દ્વારા કરાઈ કામગીરી

# રસ્તા પર નડતરરૂપ ૨૮ રેંકડી-કેબીનો જપ્ત કરાઈ





### કોઠારીયા રોડ, સોરઠીયાવાડી પરથી ૯૦ બોર્ડ–બેનરો જપ્ત કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૧૯/૭ થી ૨૪/૭ ની શહેરમાં જુદી-જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેંકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

જેમ કે, રસ્તા પર નડતર ૨૮ રેંકડી-કેબીનો રામાપીર ચોકડી, વૈશાલીનગર, મવડી મેઈન રોડ, લક્ષ્મીનગર PGVCL ઑફીસ પાસે, પટેલ કન્યા છાત્રાલય, પુષ્કરધામ રોડ, શિવમ પાર્ક,ગાયત્રીનગર,આંનદબંગલા ચોક, જંકશન રોડ, જ્યુબેલી માર્કેટ, મોચી બજાર, ગુમાનસીંહજી માર્કેટ, રેસકોર્ષ ગ્રાઉન્ડ, કૃષ્ણનગર મેઈન રોડ, પરથી જપ્ત કરવામાં આવી હતી. જુદી-જુદી અન્ય ૭૩ પરચુરણ ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. જે જ્યુબીલી, નુતન નગર રોડ, અયોધ્યા ચોક, મવડી મેઈન રોડ,એસ્ટ્રોન નાલા પાસે, રેસકોર્ષ ગ્રાઉન્ડ, હોસ્પિટલ ચોક, રેલવે જંક્સન, રૈયા રોડ, બસ સ્ટેશન સામે ઢેબર રોડ, નંદનવન મેઈન રોડ, ચંદ્રેશનગર, કુવાવડા રોડ, શાસ્ત્રી મેદાન, પરથી જપ્ત કરવામાં આવી હતી, ૧૬૮ કિ.ગ્રા. શાકભાજી-ફળો કે જે ઉપયોગમાં લઇ શકાય તેમ ન હતા તેને નંદનવન મેન રોડ, પુષ્કરધામ મેઈન રોડ, મવડી મેઈન રોડ, જ્યુબિલી માર્કેટ, રેલ્વે જંક્શન, આંનદબંગલા ચોક, પરથી જપ્ત કરવામાં આવ્યા હતા.

તેમજ રૂ.૭૨,૩૫૦ વહીવટી ચાર્જ રેલનગર ઢેબર રોડ,પેલેસ રોડ, યુનિવર્સિટી રોડ, ચંદ્રેશનગર રોડ, નાના મૌવા રોડ, રૈયા રોડ, માટેલ ચોક, મોરબી રોડ, પરથી વસુલ કરવામાં આવ્યો હતો. રૂ.૩૪,૦૦૦ મંડપ ચાર્જ જે રેલ નગર, યાજ્ઞીક રોડ, મવડી રોડ, રૈયા રોડ, સેટેલાઇટ રોડ, નાના મૌવા રોડ, સાધુવાસવાણી રોડમાંથી વસુલ કરવામાં આવ્યો હતો, અને ૯૦ બોર્ડ-બેનરો જે કોઠારીયા રોડ,સોરઠીયાવાડી પરથી જપ્ત કરવામાં આવ્યા હતા.

### શ્રીનાથજી હવેલી ખાતે સાંજે દિવ્ય વચનામૃત

## જસદણમાં કાલે વૈષ્ણવાચાર્ય વ્રજરાજ કુમારજીની પધરામણી

### હિંડોળા દર્શન, કીર્તન આરતી, મહાપ્રસાદ અને બ્રહ્મસંબંધનું પણ આયોજન



(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૨૫

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના સંસ્થાપક અને શ્રીકૃષ્ણ સંસ્કાર વર્લ્ડના પ્રણેતા વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજકુમારજી મહોદય તા.૨૬-૭ ના રોજ જસદણ ખાતે પધારવાના હોય વૈષ્ણવોમાં ઉત્સાહ ફેલાયો છે. જસદણની શ્રીનાથજીની હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલના જણાવ્યા મુજબ તા. ૨૬-૭ ને મંગળવારે બપોર પછી વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદય જસદણ ખાતે પધારશે. સાંજે પાંચ કલાકે શ્રીનાથજીની હવેલી જસદણ ખાતે કૃષ્ણ સંસ્કાર વર્લ્ડના અંગે વીડિયો શો યોજાશે. ત્યારબાદ સાંજે ૫:૩૦ કલાકે પૂજ્ય વ્રજરાજકુમારજી મહોદયનું પ્રવચન શરૂ થશે. પ્રવચન ઉપરાંત કૃષ્ણ સંસ્કાર વર્લ્ડના ખાતમુહૂર્ત અંગે મિટિંગ ચર્ચા વિચારણા થશે. ત્યારબાદ સાંજે સાત કલાકે હિંડોળાના દર્શન થશે. જેમાં પૂજ્ય વ્રજરાજકુમારજી મહોદયના હસ્તે ઠાકોરજીને હિંડોળા ઝુલાવવામાં આવશે હિંડોળાના દર્શન અને કીર્તન આરતી બાદ ૮ કલાકે મોટી સંખ્યામાં વૈષ્ણવો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨૭-૭ ને બુધવારે વ્રજરાજકુમારજી મહોદય દ્વારા શ્રીનાથજીની હવેલી ખાતે ભાઈઓ બહેનોને બ્રહ્મસંબંધ આપવામાં આવશે. જસદણ શ્રીનાથજી હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલ, ટ્રસ્ટીઓ ભરતભાઈ ધારૈયા, ભરતભાઇ જનાણી, હસુભાઈ ગાંધી, બટુકભાઈ તન્ના, ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ બાબરીયા અને કમલેશભાઈ ચોલેરા, મંત્રી ધર્મેશભાઈ કલ્યાણી, સહમંત્રીઓ નિલેશભાઈ રાઠોડ તથા સાગરભાઇ દોશી, ખજાનચી ચંદુભાઈ વડોદરીયા અને ટ્રસ્ટી મંડળના અશોકભાઈ મહેતા, સંજયભાઈ સખીયા, ચંદુભાઈ ગોટી, રમેશભાઈ ગોલ્ડચા, વિઠલભાઈ સખિયા સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

### ૧૨ જયોતિર્લિંગ અને ગંગામૈયાના દિવ્ય દર્શનનો મળશે લ્હાવો

## સદ્ગુરૂ આશ્રમમાં ૨૯મીથી શ્રાવણ માસની ઉજવણી

### દર સોમવારે મંગલેશ્વર મહાદેવ મંદિરે સાંજે ૬ થી ૧૦ વાગ્યા સુધી શૃંગાર દર્શન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫: સદ્ગુરૂ સદન ટ્રસ્ટ (પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ) ના પ્રાંગણમાં તા.૨૯ શુક્રવાર શ્રાવણ સુદ-૧ (એકમ) થી તા.૨૭/૮ શનિવાર શ્રાવણ વદ-૩૦ (અમાસ) સુધી શ્રાવણ માસ નિમિતે દેવાધિદેવ ભગવાન શિવશંકરના બાર જ્યોતિર્લિંના દિવ્ય દર્શનનું ભવ્ય આયોજન કર્વામાં આવેલ છે. હિરદ્વાર ગંગામૈયાના દિવ્ય દર્શનનો પણ અલિભ્ય લાહવો ભાવિકો લઈ શકશે. આ સાથે તા.૨૮ ગુરૂવારના રોજ શ્રી નીજ મંદિર હોલમાં શ્રી રામચરિતમાનસજીના અખંડ પાઠનું સંગીતમૈયી શૈલીમાં આયોજન કરવામાં આવેલ છે. ભગવાનશ્રી શિવશંકરના દ્વાદશ જયોતિર્લિંના પ્રતિષ્ઠા તથા પુજન, તા.૨૯ શુક્રવાર સવારે ૯ કલાકે થશે. બાદમાં દ્વાદશ જયોર્તિલીંગની દરરોજ આરતીનો સમય સવારે ૭ કલાકે, દરરોજ સાંજની આરતીનો સમય સાંજે ૮ કલાકે, દરરોજ થાળ ધરાવવાનો સમય સવારે ૧૦:૪૫ કલાકે, દરરોજ દર્શન કરવાનો સમય સવારે ૬ કલાકે થી ૧૨:૩૦ કલાક સુધી તથા બપોરે ૪ થી રાત્રિના ૧૦:૩૦ સુધી અને શ્રી ગંગામૈયાની આરતી દરરોજ સવારે ૭:૧૫ તથા સાંજે ૮:૧૫ વાગ્યે થશે. આ સાથે શ્રી મંગલેશ્વર મહાદેવના મંદિરમાં દર સોમવારે શૃંગાર દર્શનનો સમય સાંજે ૬ થી ૧૦ વાગ્યાનો રહેશે. તેમ જણાવ્યું છે.

**રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના ગીતોનું ગાન કરવા સાથે જીવન-કવન રજુ થયા**

## મેઘાણી સ્મૃતિ વંદના કાર્યક્રમ સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિમાં દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ- ઢોલરા પ્રેરિત સાહિત્ય સેતુ દ્વારા અંબાજી કડવા પ્લોટ વિસ્તારમાં આવેલ સ્મૃતિ વંદના કરાઈ હતી.

શહેરનાં જાણીતા ઉદ્યોગપતિ પ્રતાપભાઈ પટેલે મંગળદિપ પ્રગટાવી ઉદ્ઘાટન કર્યા બાદ અતિથિઓનું વિદ્યાર્થીની બહેનો દ્વારા કુમકુમ તિલક, ખાદીનો રૂમાલ, પુસ્તક આપી તેમજ ખેસ પહેરાવીને સ્વાગત કર્યું હતું. પ્રિન્સિપાલ ડો. સોનલબેન ફળદુએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે વિદ્યાર્થીની બહેનોએ મેઘાણીના જીવન પ્રસંગો રજૂ કરેલ હતા.

મેઘાણીના ગીતોનું ગાન કરેલ હતું. તમામ બહેનોને જાણીતા ઉદ્યોગપતિ ગીરીશભાઈ, અશ્વિનભાઈ પટેલ અને સેવાભાવી અગ્રણી ગુણવંતભાઈના હસ્તે પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

મેઘાણી સ્મૃતિ વંદના કાર્યક્રમમાં વિશેષઉપસ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગુજરાતી ભવનના અધ્યક્ષ ડો.મનોજ જોષીએ મેઘાણીજીની જીવન ઝરમર અને મેઘાણીના ગીતો કસુંબીનો રંગ, શિવાજીને નીંદરું ન આવે, રક્ત ટપકતી સોસો ઝોળી, તમે મારા દેવના દીધેલ છો, ચાંદો ઉગ્યો ચોકમાં સહિતનાં ગીતોનું ગાન કરીને શ્રદ્ધાંજલિ અર્પણ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાહિત્ય સેતુના સંયોજક અનુપમભાઈ દોશીએ તથા આભારવિધિ નૈષધભાઈ વોરાએ કરી હતી. તેમ જણાવ્યું છે.

## લાયન્સ કલબ રાજકોટ આવકાર તથા પાયલ મેડિસિનના સંયુકત ઉપક્રમે રકતદાન કેમ્પ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

લાયન્સ કલબ રાજકોટ આવકાર અને શ્રીમદ્ રાજચંદ્ર સેવા ગ્રુપ દ્વારા પાયન મેડિસિનના આર્થિક સહયોગથી રવિવારે પાયલ મેડિસિનના છઠ્ઠા વર્ષના મંગલ પ્રવેશ નિમિતે રકતદાન પ્રવૃતિને વેગ આપવા તથા થેલેસેમિયાગ્રસ્તને નવજીવન આપવા માટે રકતદાન કેમ્પનું ડો.સંજયભાઈ દેસાઈ તથા ડો.પ્રતિક્ષાબેન દેસાઈના પ્રયત્નો થકી સફળ આયોજન કરવામાં આવેલ.

## ગુજરાત ચુંવાળીયા કોળી સમાજના પ્રમુખ ધર્મેશભાઈ જીંજવાડીયાની જેતપુરની મુલાકાતે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

ગત તા.૨૨ શુક્રવારના રોજ જેતપુર ખાતે ગુજરાત ચુંવાળીયા કોળી સમાજનાં નવનિયુકત પ્રદેશ પ્રમુખ ધર્મેશભાઈ જંજવાડીયા અને ગુજરાત પ્રદેશ કન્વીનર દિનેશભાઈ મકવાણા, ઉપપ્રમુખ નટુભાઈ કુવરીયા, ઉપપ્રમુખ સી.આર. પરસોડા, પરસોતમભાઈનું સન્માન કરવામાં આવેલ.

આ તકે જેતપુર શહેરના આગેવાનો હિતેશભાઈ ઠાકોર, વિમલભાઈ ચાવડા, ભરતભાઈ, સોનલબેન રાતોજા, ચંદુભાઈ, વજુભાઈ, મુન્નાભાઈ, ભાવેશભાઈ, જયદીપભાઈ, શૈલેષભાઈ તથા નામી અનામી જેતપુર શહેરના આગેવાનો સાથે શુભેચ્છા મુલાકાત લીધેલ.

## ખરાબ રસ્તાના કારણે કારખાનેદારો દ્વારા ચકકાજામ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

શહેરમાં વરસાદના કારણે રોડ-રસ્તામાં પડી ગયેલા ખાડાથી લોકો ત્રસ્ત થઈ ગયા છે. શનિવારે ગોંડલ રોડ પર આવેલ માલધારી ફાટક પાસે ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ભારે ખાડાઓ પડી ગયો હોવાથી અને તેને ઘણા દિવસોથી તંત્ર દ્વારા રિપેર કરવામાં ન આવતા અને સમસ્યાનો ઉકેલ ન આવતા ઔદ્યોગિક વિસ્તારના કારખાનેદારો તેમજ શ્રમિકો દ્વારા અને આસપાસના વિસ્તારવાસીઓ દ્વારા ચકકાજામ કરી વિરોધ નોંધવામાં આવ્યો હતો.

### જન્માષ્ટમી મહોત્સવ સમિતિ વર્ષ-૨૦૨૨ ની ટીમની જાહેરાત

## અધ્યક્ષ તરીકે ધર્મેશ પટેલની વરણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

વિ.હિ.પ. દ્વારા વર્ષોથી ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમી નિમિતે અનેકવિધ કાર્યક્રમો સાથે સૌથી મોટી અને દર્શનીય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ સમગ્ર જન્મોત્સવ ખૂબ સુંદર રીતે યોજાય તેના માટે દર વર્ષે મહોત્સવ સમિતિના અનેક લોકોને જવાબદારીની સોંપણી કરી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં તમામનું યોગદાન લેવામાં આવે છે. જેના ભાગરૂપે જન્માષ્ટમી મહોત્સવ સમિતિ વર્ષ ૨૦૨૨ ની ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષની સમિતિના અધ્યક્ષ તરીકે ધર્મેશભાઈ પટેલ જવાબદારી વહન કરશે.

આ વર્ષની સમિતિના અધ્યક્ષ તરીકે ધર્મેશભાઈ પટેલ, મહામંત્રી નિતેશભાઈ કથીરીયા, સહમંત્રી રાહુલભાઈ જાની, સુશીલભાઈ પાંભર, આશીષભાઈ શેઠ, કોષાધ્યક્ષ તરીકે વિનુભાઈ ટીલાવત, કાર્યાલય મંત્રી નાનજીભાઈ શાખ, સહકાર્યાલય મંત્રી જગદીશભાઈ અગ્રાવત સહિતનાની વરણી કરવામાં આવી છે. માર્ગદર્શક તરીકે વડીલો સર્વ નરેન્દ્રભાઈ દવે, માવજીભાઈ ડોડીયા, હસુભાઈ ભગદેવ, શાંતુભાઈ રૂપારેલીયા, હસુભાઈ ચંદારાણા સેવા આપશે. તેવું પ્રેસમીડીયા ઈન્ચાર્જ પારસભાઈ શેઠની એક યાદીમાં જણાવાયું છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### દેશના ૧૫માં રાષ્ટ્રપતિ તરીકે દ્રૌપદી મુર્મુની શપથવિધિ

શપથ ગ્રહણ કર્યા હતા. આ રીતે આ જાજરમાન સમારંભ પરીપૂર્ણ થયો હતો અને દેશને પહેલા આદિવાસી રાષ્ટ્રપતિ આપવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એમના પહેલા રાષ્ટ્રજોગ પ્રવચનમાં લાગણીશીલ બની કહ્યું હતું કે, પ્રજાના સમર્થન અને વિશ્વાસથી જ મને સૌથી વધુ શક્તિ પ્રાપ્ત થઇ છે. હું સંસદના પવિત્ર ભવન અને દેશની પ્રજાનાં અધિકારો, આશા અને અપેક્ષાઓના પ્રતિક એવા સંસદખંડમાંથી તમામ દેશવાસીઓને આવકારું છું. સહુનો આભાર માનું છું. આપની લાગણી, વિશ્વાસ અને સમર્થન મને મારી જવાબદારીઓ પરીપૂર્ણ કરવામાં મારી સૌથી મોટી તાકાત બની રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દ્રૌપદી મુર્મુની રાષ્ટ્રપતિ તરીકે વરણીને ભારત માટે એક ઐતિહાસિક પળ તરીકે વધાવી લીધી હતી. તેમણે કહ્યું હતું કે, દ્રૌપદી મુર્મુજીએ આજે શપથ લીધા ત્યારે આખો દેશ ગર્વ સાથે એ ઘટનાને નિહાળી રહ્યો છે. આજે દેશના ગરીબો, વંચિતો, પીડિતો માટે એક ઐતિહાસિક પળ છે. હું એમને શુભેચ્છાઓ પાઠવું છું. સમારંભ બાદ વડાપ્રધાન સહિતના તમામ મંત્રી મંડળ અને સેનાની ત્રણેય પાંખના વડાઓએ વિદાય લેતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને ભવ્ય અને ભાવપૂર્ણ વિદાયમાન આપ્યું હતું.(૨.૧૨)

### જેલ નહીં જામીન પર વધુ ભાર મુકવા સુપ્રીમ કોર્ટની જોરદાર હિમાયત

માળખાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે સર્વગ્રાહી એક્શન પ્લાનની જરૂર હોવાનું તેમણે સૂચન કર્યું હતું. ગયા સપ્તાહે જ એક મહત્વના આદેશમાં સર્વોચ્ચ અદાલતે જામીન પ્રક્રિયાને કાર્યક્ષમ બનાવવા માટે જામીનને લગતા અલગ કાયદા લાવવાનું વિચારવા ભારત સરકારને હિમાયત કરી હતી. જસ્ટીસ એસ.કે.કૌલ અને જસ્ટીસ સુન્દરેશની બેન્ચે ઠરાવ્યું હતું કે, બેફામ અને આડેધડ ધરપકડોથી વ્યક્તિ સ્વતંત્ર્ય પર સીધી તરાપ મુકાય છે જરૂરી કિસ્સામાં જ અટકાયત જેવું પગલું લેવું જોઈએ. આપણે ત્યાં પોલીસ રાજ છે એવી છાપ ઉભી થવી ન જોઈએ. તપાસનીશ સંસ્થાઓ અદાલતની ટકોર ધ્યાનમાં લેશે તેવી આશા છે. કેસ ચલાવવામાં અસાધારણ વિલંબ અથવા અપીલ તથા રીવીઝનના વિલંબને કારણે જરૂર હોય ત્યાં પણ જામીન અપાતા નથી. ધરપકડની સતાનો ઉપયોગ પ્રમાણસર હોવો જોઈએ.(૨.૧૨)

### આપણી ભાવિ પેઢી ખાતર પર્યાવરણનું જતન કરીએઃ રામનાથ કોવિંદ

પર્યાવરણની કાળજી રાખવા માટે હું દેશવાસીઓને મજબુત અપીલ કરું છું. પર્યાવરણની કટોકટી સમગ્ર પૃથ્વીનું ભવિષ્ય જોખમમાં મૂકી શકે છે. એટલે દેશના પ્રથમ નાગરિક તરીકે મારી આ એક જ સલાહ છે કે, આપણે પર્યાવરણનું રક્ષણ કરવા જહેમત ઉઠાવીએ.(૨.૧૨)

### હિમાચલમાં અનરાધાર વરસાદ વચ્ચે પરોઢીયે પુર બ્યાસ નદી ગાંડીતૂર

જળસ્તર વધી જવાને પગલે બ્યાસ નદીમાં પૂર ઉમટયુ હતું. ભરઉંઘમાં સુતેલા લોકોને જગાડવા તથા સલામત સ્થળે ખસેડવા માટે સાયરન વગાડીને એલર્ટ કરવામાં આવ્યા હતા. જો કે, કોઈ જાનહાની થઈ નથી પરંતુ પુલ ધરાશાયી થયો હતો. રેસ્ટોરાં વગેરેને નુકશાન થયુ હતું. આ રેસ્ટોરાં ગેરકાયદે હોવાથી અગાઉ જ બંધ કરી દેવાયુ હતું એટલે કોઈ જાનહાની ન હતી.(૯)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### જામનગરના યુવકની ચાલુ બસે ગળુ કાપી હત્યાઃ તપાસનો ધમધમાટ

અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ હત્યાનો ભોગ બનનાર યુવાન જામનગરનો ભોજાબેડીનો પ્રવિણ રૂપાભાઇ વાઘેલા (ઉ.વ.૩૪) હોવાનું ખુલ્યું હતું. આ યુવાન ગત સાંજે ન્યુ ક્રિષ્ના ટ્રાવેલ્સની સ્લીપર કોચ બસ સુરતના કતાર વડલા પાર્કિંગ પાસેથી બેઠો હતો અને જામજોધપુરના શેઠવડાળા સુધીની ટીકીટ તેણે લીધી હતી. તેની પાસેથી મળેલા આધાર કાર્ડમાં તેના ગામનું નામ ભોજાબેડી-જામનગર લખેલું છે. પોલીસે તેના પરિવારજનોને જાણ કરવા તજવીજ આદરી છે. આ યુવાનની હત્યા ચાલુ બસે કોણે કરી? તે રહસ્ય ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં ડ્રાઇવર-કલીનરે કહ્યું હતું કે જે મુસાફરો બસમાં હતાં તે પૈકીનું એક કપલ લીંબડી ઉતર્યું હતું, એક શખ્સ ચોટીલા ઉતર્યો હતો અને એક કપલ તથા એક બાળક બામણબોર ઉતર્યા હતાં. આ પૈકીનું કોઇ કાતીલ હતું કે કેમ? હત્યા શા માટે કરી તે સહિતના રહસ્યો ઉકેલવા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. જે બસમાં હત્યા થઇ તે બસને મુસાફરો સહિત બી-ડિવીઝન પોલીસ સ્ટેશને લઇ જવામાં આવી છે અને એફએસએલ અધિકારીને બોલાવી ચકાસણી શરૂ કરવા તજવીજ કરવામાં આવી છે. તેમજ બસના ડ્રાઇવર, ક્લીનર, મુસાફરોની પુછતાછ શરૂ કરવામાં આવી છે. બસમાં સીસીટીવી કેમેરા પણ હોઇ તેનું રેકોર્ડિંગ મળે તેમ છે કે કેમ? તે અંગે પણ તજવીજ હાથ ધરવામાં આવી છે.

### રાજકોટ મ્યુ.કમિશનરના પીએ રસીકભાઈ રૈયાણીનું નિધન

૨૦૧૦માં તેઓને નાયબ કાર્યપાલ ઈજનેર તરીકે સિવીલ વિભાગમાં બઢતી મળી હતી. ૨૦૧૬માં તેઓએ જેએનએનયુઆરએમ વિભાગમાં હવાલો સંભાળ્યો હતો. ૨૦૧૭માં તેઓ જનરલ મેનેજર બન્યા હતા. ૨૦૧૯માં તેઓને કમિશનર વિભાગમાં બઢતી મળી હતી અને કમિશનરના પીએ (ટેક) તરીકેનો મહત્વનો હોદો સંભાળતા હતા . તેઓ ૩૧ જાન્યુઆરી ૨૦૨૪માં નિવૃત થાય તે પહેલા જ તેઓનું નિધન થતા મહાનગરપાલીકાએ એક સનીખ અધિકારી ગુમાવ્યા છે. મેયર ડો . પ્રદિપ ડવ સહિતના પદાધીકારીઓ તેમજ મ્યુ કમિશનર અમીત અરોરાએ તેઓને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### રાજકોટ જીલ્લામાં ૭ પશુના મોત

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, દડવી, રાજપરા, વાડધરી, સાલ પીપળીયા, ધોકળિયા અને કેરાળા ગામમાં પશુના મોત થયા છે. હાલ જિલ્લા પંચાયત દ્વારા આરોગ્યની ૪૯ ટીમ બનાવવામાં આવી છે. અને ૧૯૬૨ ઇમરજન્સી સેવા પણ કાર્યરત છે. લોકોએ ચિંતા કરવાની જરૂર નથી.

## સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા સતત ૯માં વર્ષે આયોજન

# રાજકોટમાં આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું આયોજન



## વેપાર મેળામાં 30 થી વધુ દેશોના ૫૦૦ ડેલિગેટ્સ આવે તેવી સંભાવનાઃ પરાગ તેજુરા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા સતત ૯ માં વર્ષે એસ.વી.યુ.એમ. ૨૦૨૨ આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું આયોજન આગામી તા.૧૬ થી ૧૮ ડિસેમ્બરના રોજ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવનાર છે. આફ્રિકા અને એશિયન દેશોના લગભગ 30 જેટલા દેશોમાંથી ૫૦૦ જેટલા બિઝનેસ ડેલિગેટ્સ-બાયર્સ હાજરી આપે તેવી સંભાવનાઓ છે. આ આયોજનને સફળ બનાવવા માટે તાજેતરમાં સંસ્થાના પ્રમુખ પરાગભાઇ તેજુરા દિલ્હી ખાતે ઝિમ્બાબ્વે, ઝામ્બિયા, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, અંગોલા, બોટ્સવાના, તાન્ઝાનિયા અને ઇથોપિયાના હાઈ કમિશનની દિલ્હી ખાતેની ઓફિસમાં મિટિંગ કરેલ અને આમંત્રણ આપેલ જેમાં ખૂબ જ હકારાત્મક પ્રતિભાવ મળેલ હતો. ટૂંક સમયમાં અન્ય દેશોના હાઈ કમિશન સાથે મુલાકાત કરવામાં આવશે. આ આયોજનની સફળતા માટે જિલ્લા એક્સપોર્ટ પ્રમોશન કમિટીના ચેરમેન અને કલેક્ટર અરૂણ મુકેશ બાબુ, જોઈન્ટ ડાયરેક્ટર જનરલ ફોરેન ટ્રેડ બિસ્નોય તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર રાજકોટના જનરલ મેનેજર મોરી સાથે સંસ્થાના પ્રમુખની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ અને સૌરાષ્ટ્ર કચ્છના એક્સપોર્ટ ડેવેલપમેન્ટ માટેના સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળના પ્રયાસોમાં સહયોગ બાબત બધા તરફથી સાનુકૂળ પ્રતિભાવ આપવામાં આવેલ છે.

આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં ભાગ લેનાર એકમોને ગુજરાત સરકાર દ્વારા એમડીએ સ્કીમ હેઠળ સબસીડી આપવામાં આવશે ઉપરાંત સહયોગી સંગઠન તરીકે જોડાનાર એસોસિએશન અને ચેમ્બરના સભ્યોને પણ સ્ટોલની કિંમતમાં વિશેષ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. સંસ્થાના પ્રમુખ પરાગ તેજુરાએ જણાવ્યું હતું કે, ઝિમ્બાબ્વેના ઔદ્યોગિક વિકાસ માટે સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ સાથે કરાર થશે. આ બાબતે પ્રાથમિક ચર્ચાઓ કરવા અને સૌરાષ્ટ્રના વિવિધ સંગઠનો અને ઉદ્યોગપતિઓ સાથે ચર્ચા કરવા એમ્બેસેડર ચિમ્પારે ઓગસ્ટ માસમાં રાજકોટ આવશે. આ મુલાકાત દરમ્યાન સંસ્થા દ્વારા એક ૨ દિવસની ઇન્ટરનેશનલ બી ૨ બી મીટનું આયોજન પણ કરવામાં આવશે જેમાં ૪ થી ૫ દેશોના ડિપ્લોમેટને આમંત્રણ આપી તેમના દેશમાં બિઝનેશની સંભાવનાઓ ઉપર માહિતી મેળવવા પ્રયત્ન કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ નિકાશ વેપારના વિકાસ માટે મક્કમતાપૂર્વક કાર્ય કરી રહ્યું છે અને આ કાર્ય સહયોગ આપવા સૌરાષ્ટ્ર કચ્છના તમામ સંગઠનો અને બિઝનેસ સમુદાયને સંસ્થાના પ્રમુખ પરાગભાઇ તેજૂરા અને સમગ્ર ટીમ દ્વારા અપીલ કરવામાં આવેલ છે. તેમ જણાવ્યું છે.

### રાજકોટના સાહિત્યપ્રેમીઓ અને કલાપ્રેમીઓ માટે

## નવધા કલ્ચરણ કલબનો પ્રારંભ; ૪ ઈવેન્ટ્સનું આયોજન


(તસવીરઃ પંકજ ડાભી)

રાજકોટઃ જાણીતા લેખક જય વસાવડા, ચિત્રલેખા સામયિકના સૌરાષ્ટ્ર-કચ્છના પ્રતિનિધિ જવલંત છાયા, નવધા કલ્ચરણ કલબના ઉપપ્રમુખ-જાણીતા શિક્ષણવિદ્ કૃષ્ણકાંત ધોળકિયા, જીતુભાઈ ધોળકિયા, પ્રમુખ મિતુલ ધોળકિયાએ પત્રકાર પરિષદમાં માહિતી આપતા તસવીરમાં નજરે પડે છે.

**નવરાત્રી પહેલા બોલીવુડના પ્રખ્યાત કોરીયોગ્રાફર દેવેશ મીરચંદાણીના સાત દિવસીય ડાન્સ અને ગરબા વર્કશોપનું આયોજન**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

રાજકોટના સાહિત્યપ્રેમીઓ અને કલાપ્રેમીઓ માટે નવધા કલ્ચરલ કલબનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નવધા કલ્ચરલ કલબ શરૂ કરવા વિશે કલબના પ્રમુખ મિતુલ ધોળકિયાએ જણાવ્યું હતું કે, આજે આપણે સમયને પૈસાની પાછળ ખર્ચતા શીખી ગયા છીએ. એક સારી લાઈફ સ્ટાઈલ માટે પૈસા જરૂરી છે પણ એ પણ વાસ્તવિકતા છે કે પૈસો એટલો પણ અગત્યનો નથી કે આપણે આપણા પૂરા સમયને માત્ર ને માત્ર એની પાછળ ખર્ચ કરીએ. છેલ્લા બે વર્ષમાં આપણે અનુભવ્યું છે કે બધું જ હોવા છતાં આપણે કેટલા લાચાર અને નાખુશ હતા! સમયને સારી રીતે કેમ પસાર કરી શકાય એ આપણે કાં તો ભૂલી ગયા છીએ કાં તો ક્યાંક છોડી આવ્યા છીએ. આ બે વર્ષના અનુભવે નવધા કલ્ચરલ કલબના તેમને સારા વિચારબીજ રોપ્યા . રાજકોટના શહેરીજનોનું જીવન ફરી ધબકતું કરવા સંસ્મરણો આપવા સાહિત્ય અને કલાના વિવિધ રસનું પાન કરાવવા માટે કંઈક વિશેષ અને નાવિન્યસભર ઈવેન્ટ્સનું નિયમિત આયોજન આ કલબ દ્વારા કરવામાં આવશે.

આ તકે કલબના ઉપપ્રમુખ જાણીતા શિક્ષણવિદ્ કૃષ્ણકાંત ધોળકિયાએ જણાવ્યું હતું કે, કલાના વિવિધ રસના માધ્યમથી લોકોને આનંદ પ્રાપ્ત થાય છે જ્યારે સાહિત્યના માધ્યમથી લોકોના જીવનમાં હકારાત્મકતા , સંવેદનશીલતા અને જીવન પ્રત્યે નવો દ્રષ્ટિકોણ કેળવાય છે. એટલે અમે એવી ઈવેન્ટ્સ આપીશું.જેમાં આ બંનેનો સુભગ સમન્વય થતો હોય. નવધા કલ્ચરલ કલબના મંત્રી અમી ધોળકિયાએ જણાવ્યું હતું કે, જાણીતા લેખક અને વકતા જય વસાવડા તથા ચિત્રલેખા સામયિકના સૌરાષ્ટ્ર-કચ્છ પ્રતિનિધિ જ્વલંત છાંયા અમારી સાથે માર્ગદર્શક તરીકે આ કલબમાં જોડાયા છે.

નવરાત્રિ પહેલા બોલીવુડના પ્રખ્યાત કોરીયોગ્રાફર દેવેશ મીરચંદાણીના સાત દિવસના ડાન્સ અને ગરબા વર્કશોપનું આયોજન નવધા કલ્ચરલ કલબ દ્વારા કરવામાં આવશે. આ વર્કશોપના અંતે યોજાનાર ભવ્ય ડાન્સ-શોમાં વર્કશોપમાં ભાગ લેનાર વ્યક્તિઓને દેવેશ મીરચંદાણી સાથે સ્ટેજ પર પરફોર્મ કરવાની તક પણ મળશે. નવરાત્રિ પહેલા થઈ રહેલા આ વર્કશોપ થકી ગરબાપ્રેમીઓ ડાન્સ અને ગરબાના વિવિધ સ્ટેપ્સ શીખી શકશે.

આ કલબમાં થનારી ઈવેન્ટ્સ વિશે વાત કરતા જાણીતા લેખક જય વસાવડાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં એક મોટો વર્ગ છે જે ઘણા સમયથી એવું ઈચ્છી રહ્યો છે કે entertainment માટે થતી ઈવેન્ટ્સની સાથોસાથ એવી ઈવેન્ટસ પણ થાય જે infotainment હોય. નવધા કલ્ચરલ કલબ દ્વારા પ્રારંભિક ૪ ઈવેન્ટ્સનું આયોજન થઈ ચૂક્યું છે.

જ્વલંત છાંયાએ કહ્યું હતું કે, નવધા કલ્ચરલ કલબ દ્વારા આયોજીત થનારી ઈવેન્ટ્સ શહેરીજનો માટે Unique બની રહેશે. આ કલબમાં જોડાનાર વ્યક્તિઓ દર ઈવેન્ટના અંતે પોતે જીવનમાં કંઈક પ્રાપ્ત કર્યું હોય એવી લાગણી અનુભવશે.

વધુ માહિતી માટે ૯૦૮૧૨ ૪૪૪૪૧-૯૦૮૧૨ ૪૪૪૪૨ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

## ભાજપ કાર્યાલય ખાતે કાલે વિધાનસભા-૬૯ અને ૭૦ ના પ્રભારીઓની બેઠક યોજાશે



**પેજપ્રમુખ-પેજસમિતિ સહિતની સંગઠનાત્મક બાબતો ઉપર ચર્ચા-વિચારણા કરાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરન્દ્રસિંહ ઠાકુરની એક સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે, સંગઠન સંરચના અને આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રદેશ ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હોય તે અંતર્ગત આવતીકાલે તા.૨૬ ના મંગળવારે વિધાનસભા-૬૯ના પ્રભારી લાલજીભાઈ સોલંકી દ્વારા વોર્ડ નં.૧,૨,૩,૮,૯,૧૦ના અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે તેમજ વિધાનસભા-૭૦ના પ્રભારી વસુબેન ત્રિવેદી દ્વારા વોર્ડ નં.૭,૧૩,૧૪,૧૭ના અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાશે. જેમાં વિધાનસભા-૬૯ના સમાવિષ્ટ વોર્ડ માટે આવતીકાલે તા.૨૬ ભાજપ કાર્યાલય, બીજો માળ ખાતે વોર્ડ -૧ ની સવારે ૧૦ કલાકે, વોર્ડ-૨ની ૧૦:30 કલાકે, વોર્ડ-3ની ૧૧ કલાકે, વોર્ડ-૮ની ૧૧:30 કલાકે, વોર્ડ-૯ની બપોરે ૧૨ કલાકે અને વોર્ડ-૧૦ની ૧૨:30 કલાકે બેઠક યોજાશે. જેમાં લાલજીભાઈ સોલંકી માર્ગદર્શન આપશે તેમજ વિધાનસભા-૭૦ના સમાવિષ્ટ વોર્ડ માટે વોર્ડ-૭ ની સવારે ૧૦ કલાકે, વોર્ડ-૧૩ની ૧૦:30 કલાકે, વોર્ડ-૧૪ની ૧૧ કલાકે અને વોર્ડ-૧૭ની ૧૧:30 કલાકે બેઠક યોજાશે જેમાં વસુબેન ત્રિવેદી માર્ગદર્શન આપશે.

આ બેઠકમાં વોર્ડમાં રહેતા અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તા જેમાં વોર્ડમાં રહેતા શહેર ભાજપના હોદ્દેદારો, વોર્ડના પ્રભારી, પ્રમુખ,મહામંત્રી, વોર્ડના કોર્પોરેટર, વોર્ડમાં રહેતા શિક્ષણ સમિતિના સદસ્યો , વોર્ડમાં રહેતા સેલ સંયોજકો, વોર્ડના તમામ મોરચાના પ્રમુખ,મહામંત્રી, વોર્ડમાં આવતા મોરચાના પ્રમુખ સાથે આગામી કાર્યક્રમો અને વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી વોર્ડના બુથ-શક્તિકેન્દ્રો, પેજપ્રમુખ- પેજસમિતિ સહિતની સંગઠનાત્મક બાબતો ઉપર ચર્ચા-વિચારણા કરાશે. તો આ બેઠકમાં વિધાનસભા-૬૯ અને ૭૦ના સમાવિષ્ટ વોર્ડના અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરતા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની યાદીમાં જણાવેલ હતું.

## ટ્રસ્ટ માટે સ્કીમ ઘડવાની અરજી ફગાવી દેતાં રાજકોટ સંયુકત ચેરીટી કમિશનર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

ઓદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ જ્ઞાતિ ટ્રસ્ટના સુવ્યવસ્થા અને વહિવટ માટે રાજકોટ સ્થિત સંયુકત ચેરીટી કમિશનર સમક્ષ સ્કીમ ઘડવા માટે અરજી કરવામાં આવેલ હતી. જે અરજી તા. ૨૯/૬/૨૦૨૨ ના રોજ દફતરે કરવાનો હુકમ સંયુકત ચેરીટી કમિશનર દ્વારા કરવામાં આવેલ છે.

આ કેસની હકીકત એવી છે કે, સુધીરભાઈ તથા કૌશિકભાઈએ ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ જ્ઞાતિ ટ્રસ્ટ, જામનગર માટે સ્કીમ ઘડવા માટેની કરેલ કે ટ્રસ્ટમાં કોઈ લેખિત બંધારણ ન હોય ટ્રસ્ટના સુઘડ, સુવ્યવસ્થા માટે સ્કીમ ઘડવી ખૂબ જ જરૂરી હોય અને ટ્રસ્ટના અગાઉના પ્રમુખઓ, ઉપપ્રમુખો, મંત્રીઓ સદન ૨૭ વર્ષ જેટલા સમયથી વહીવટ કરેલ હોય ટ્રસ્ટના સંચાલન તથા ઉત્કર્ષ માટે સ્કીમ કરવી જરૂરી છે અને તે અરજીના કામે સામાવાળા તરીકે ટ્રસ્ટના ૧૧ સભ્યોને જોડેલ હતા.

આ કામના ઉપપ્રમુખ જનાર્દનભાઈ રાવલ, મંત્રી મહેશભાઈ રાવલ અને સદસ્યો હરિશભાઈ દવે, ધર્મેશભાઈ રાવલ અને સમીરભાઈ જોશી વતી રાજકોટના એડવોકેટ સ્તવન મહેતા હાજર થયેલ હતા અને સ્કીમ ઘડવા માટેની અરજી સામે લેખિત વાંધાઓ રજુ કરેલ હતા. જેમાં જણાવેલ કે, ટ્રસ્ટ ૧૯૬૧ કામગીરી કરી રહ્યું છે, ટ્રસ્ટ તથા જ્ઞાતિજનોમાં કોઈ નારાજગી નથી તેમજ ટ્રસ્ટના હિસાબો વગેરે નિયમિતપણે નિભાવવામાં આવે છે અને સ્કીમની અરજી રદ કરવા અરજ કરેલ હતી.


એડવોકેટઃ સ્તવન મહેતા

અરજીની વિગતો દસ્તાવેજી પુરાવા તથા એડવોકેટની રજૂઆત ધ્યાને લઈ સંયુકત ચેરીટી કમિશનર સ્કીમ ઘડવા માટે સામાન્ય સભાની સંમતિ લેવામાં આવેલ નથી. સ્કીમની અરજી પ્રથમ દષ્ટિએ ચાલવાપાત્ર ન હોય તે અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં સામાવાળા ઉપપ્રમુખ, મંત્રી તથા સદસ્ય વતી એડવોકેટ સ્તવન મહેતા, નિકુંજ શુકલા, કૃશન ગોર, બ્રિજેશ ચૌહાણ તથા ત્રિશુલ પટેલ રોકાયેલ હતા અને ઝાલાવાડી બ્રાહ્મણ જ્ઞાતિના પક્ષકારો વતી એડવોકેટ દર્શિત કોઠારી તથા ગૌતમ નિમાવત રોકાયેલ હતા.

## સહકારથી સમૃદ્ધિ સાથે મળીને સાકાર કરીશુંઃ જયોતિન્દ્ર મહેતા



**સહકાર ભારતી દ્વારા સહકાર સંમેલન સંપન્ન**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

સહકાર ભારતી રાજકોટ મહાનગર દ્વારા, રાજકોટ નાગરીક સહકારી બેક લિ., અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલયના લક્ષ્મણરાવ ઈનામદાર પ્રશિક્ષાણ કેન્દ્ર, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે સહકાર સંમેલન યોજાયુ હતું અને તેમાં ગામે-ગામથી વિવિધ સહકારી માંધાતાઓથી લઈ નાનામાં નાના કાર્યકરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સહકાર સંમેલનમાં સહકારી આગેવાન, ગુજરાત સ્ટેટ એગ્રીકલ્ચર રૂરલ એન્ડ ડેવલપમેન્ટ બેંક (ખેતી બેંકના) ચેરમેન ડોલરભાઈ કોટેચાની રાષ્ટ્રીય સંસ્થા - એનસીઆરડી બીએફના ચેરમેન તરીકે ચૂંટાતા જાહેર સન્માન યોજાયેલ. આ પ્રસંગે સહકાર ભારતી (રાજકોટ મહાનગર), સૌરાષ્ટ્ર કચ્છ અર્બન કો-ઓપરેટીવ બેન્ક ફેડરેશન, રાજકોટ નાગરીક સહકારી બેંક લિ., વિજય કોમર્શિયલ કો-ઓપરેટવ બેંક લિ., અપના બજાર, ખેતી બેંક ઉપરાંત વિવિધ સહકારી સંસ્થાઓ, બેંકો દ્વારા ડોલરભાઈ કોટેચાનું શિલ્ડ મોમેન્ટો, પુસ્તક, ફુલ બુકે, શાલ ઓઢાડી ગરીમાપૂર્ણ સન્માન કરાયેલું હતું.

આ સંમેલનમાં ડોલરભાઈ કોટેચા(ચેરમેન-નેશનલ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચરલ રૂરલ એન્ડ ડેવલપમેન્ટ બેંક), નું ભવ્ય સન્માન કરવામાં આવેલ હતું શ્રી જયોતિન્દ્રભાઈ મહેતા (ચેરમેન-નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો-ઓપરેટીવ બેંકસ એન્ડ ક્રેડીટ સોસાયટી લિ. - નાફકબ, સહકાર અગ્રણી), નલીનભાઈ વસા (ઉપાધ્યક્ષ-સહકાર ભારતી, ગુજરાત), વિનોદભાઈ બરોચીયા(મંત્રી-સહકાર ભારતી, ગુજરાત), શૈલેષભાઈ ઠાકર(ચેરમેન - રાજકોટ નાગરીક સહકારી બેંક લિ.), ડિરેક્ટરઓ, જીવણભાઈ પટેલ, દીપકભાઈ મકવાણા, કિર્તીદાન જાદવ, માધવભાઈ દવે, દિનેશભાઈ પાઠક વિશાલભાઈ કપુરીયા (જીલ્લા રજીસ્ટ્રાર-સહકારી મંડળીઓ, રાજકોટ), વિક્રમભાઈ તન્ના (ચેરમેન-સૌરાષ્ટ્ર કચ્છ અર્બન કો-ઓપરેટીવ બેંક ફેડરેશન), ગોપાલભાઈ માકડીયા (ચેરમેન -વિજય કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક), વાઇસ ચેરમેન દિપકભાઈ પટેલ, રાજકોટ કોમર્શીયલ બેંકના ડો. મીનાબેન પટેલ પુરૂષોત્તમભાઈ પીપરીયા હારિતભાઈ મહેતા-જસાણી સાહેબ(સીટીઝન્સ કો-ઓપરેટીવ બેંક લિ.), રાણભાઈ (ખેતી બેંક), યજ્ઞેશભાઈ જોષી (રાજકોટ ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક), વિનુભાઈ તન્ના (જામનગર પીપલ્સ કો-ઓપરેટીવ બેંક), દિનેશભાઈ દેવાણી (પોરબંદર નાગરિક સહકારી બેંક), મહેશભાઈ કોટક-નયનાબેન મકવાણા-મહેન્દ્રભાઈ શેઠ-જયંતભાઈ ધોળકીયા(અપના બજાર), માધવ શરાફી મંડળી ડો.પ્રકાશભાઈ મોઢા ,ડો. એનડી શીલુ, ગુરૂદત્તાત્રેય શરાફી મંડળી ટપુભાઈ લીંબાસીયા, હરગોપાલ સિંહ જાડેજા શિવ શકિત શરાફી મંડળી,નાથાભાઈ ટોળિયા(લક્ષ્મી શરાફી સહકારી મંડળી - પરશુરામ શરાફી સહકારી મંડળી), પ્રવિણભાઈ નિમાવત (અવધુત ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટિ લિ.), રાજકોટ જીલ્લા ક્રેડીટ સોસાયટીઝ ફેડરેશન, કલ્પવૃક્ષ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટિ લિ., હરેશભાઈ પુજારા (સિદ્ધિ વિનાયક શરાફી સહકારી મંડળી), હર્ષલભાઈ શાહ (અરિહંત શરાફી સહકારી મંડળી લિ.), રઘુવીર શરાફી સહકારી મંડળી, તીર્જરાજસિંહ ગોહેલ (શુભલક્ષ્મી સહકારી મંડળી લિ.), ભાવેશભાઈ કનેરીયા (જે.બી.ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી), અતુલભાઈ નથવાણી (ગુરૂદેવ શરાફી સહકારી મંડળી લિ.), સંદિપભાઈ બાબરીયા (રીપબ્લીક ક્રેડીટ સોસાયટી), માતંગી ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લિ., વિભાભાઈ મિયાત્રા-મનવીરભાઈ મિયાત્રા(પુરુષાર્થ શરાફી સહકારી મંડળી), હિરાભાઈ જોગરાણા (ગોકુલ શરાફી સહકારી મંડળી), ધર્મેશભાઈ ટાંક (પ્રમંખ રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી), તેજસભાઈ વ્યાસ (લક્ષમીધારા શરાફી સહકારી મંડળી), રાજેશભાઈ ત્રિવેદી મેડિકલ કોલેજ કર્મચારી શરાફી મંડળી, ભગવતી શરાફી સહકારી મંડળી, અમરલક્ષમી સેવા સહકારી મંડળી, પરમ વિશ્વાસ શરાફી મંડળી, માન શરાફી મંડળી, ઉચ્ચતર માધ્યમિક મંડળી, બાલાજી શરાફી મંડળી, યદુનંદન શરાફી મંડળી, મુરલીધર શરાફી સહકારી મંડળી, માધ્યમીક શાળા વહીવટી શરાફી મંડળી, જયોતિ શરાફી સહકારી મંડળી, ચામુંડા શરાફી સહકારી મંડળી, સ્વસ્તીક શરાફી સહકાર મંડળી, માટેલ શરાફી સહકારી મંડળી, બાણગંગા શરાફી સહકારી મંડળી, શ્રી જયશ્રીકૃષ્ણ શરાફી સહકારી મંડળી, શ્રી જય દ્વારકાદીશ શરાફી સહકારી મંડળી, કૃષ્ણમાન શરાફી સહકારી મંડળી, શ્યામ શરાફી સહકારી મંડળી, શ્રીનીધિ શરાફી સહકારી મંડળી, બંસી શરાફી સહકારી મંડળી, પરિશ્રમ સેવિંગ્સ સહકારી મંડળી, અમરનાથ શરાફી સહકારી મંડળી, ગોકુલ શરાફી મંડળી ગુજરાત શરાફી સહકારી મંડળી, ઉપરાંત અશોકભાઈ ખંધાર (આર્બિટ્રેટર), રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સૌરાષ્ટ્ર પ્રાંતના નરેન્દ્રભાઈ દવે, તેમજ રાજકોટ નાગરિક સહકારી બેંક વિકાસ સમિતિના સભ્યો તેમજસહકારી અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ૧.૭ કિલો ગાંજાના ગુન્હામાં આરોપી જામીન મુક્ત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૫

પડધરીમાથી રહેણાંક મકાનમાંથી મળી આવેલ ૧.૭ કીલો ગાંજાના ગુનામા સંડોવાયેલા રાજકોટના આરોપીની જામીન અરજી કોર્ટે મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત પડધરી મોવૈયાનો ઢાળ, વોકળાની બાજુમાં રહેતા રસુલભાઈ સુલેમાનભાઈ પાલેજા પોતાના કબ્જા ભોગવટાના મકાનમા ગેરકાયદેસર રીતે નાર્કોટીક્સ માદક પદાર્થનો જથ્થો રાખી વેચાણ કરતો હોવાની બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે દરોડો પાડી ૧.૭ કીલો ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધો હતો. જે માદક પદાર્થનો જથ્થો રાજકોટમાં ભગવતીપરામાં રહેતા સોહીલ રફીકભાઈ સોરા પાસેથી લીધો હોવાનું ખુલતા તેની પણ અટકાયત કરવામાં આવી હતી. જે ગુનામાં ચાર્જશીટ થઈ જતા આરોપી સોહીલ સોરાએ પોતાના એડવોકેટ મારફત જામીન મુકત થવા માટે રાજકોટ સ્પેશ્યલ એન.ડી.પી.એસ કોર્ટ સમક્ષ જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા કોર્ટે બંને પક્ષની રજૂઆતો બાદ આરોપીના વકીલે કરેલી દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને જામીન મુક્ત કરતો હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ સાહીસ્તાબેન એસ. ખોખર, રણજીત એમ. પટગીર, મીતેશ એચ. ચાનપુરા અને પ્રહલાદસીંહ બી. ઝાલા રોકાયા હતા.


એડવોકેટ સાહીસ્તાબેન ખોખર

## એડવોકેટ રીપલ ગેવરીયાનો આજે જન્મદિવસ



રાજકોટઃ સૌરાષ્ટ્રના નામાંકિત અને જાણીતા એડવોકેટ સુરેશભાઈ ફળદુ સાથે પ્રેકટીસ કરતાં રીપલ એમ. ગેવરીયાનો આજે જન્મદિવસ છે. નામાંકિત કંપનીઓ તથા સંસ્થામા લીગલ એડવોકેટ તરીકે નિયુકત થયેલ છે. આજે એડવોકેટ રીપલ એમ.ગેવરીયા ૨૬ માં વર્ષમાં પ્રવેશ કરતા મિત્રો, વકીલો, સગાસ્નેહીઓ, સમાજના અગ્રણીઓ, મિત્રો, દ્વારા મો.નં.૯૫૭૪૪૧૬૮૯૩ પર શુભેચ્છા નો ધોધ વરસી રહ્યો છે ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતિ પરિવાર તરફથી એડવોકેટ રીપલ ગેવરીયાને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ...


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રદ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## ગયા વર્ષે જેઠ-અષાઢમાં ૨૫ ટકા વરસાદ પડયો હતો, ચાલુ ચોમાસે ૬૦ ટકા વરસી ગયો

# સૌરાષ્ટ્રમાં ૧૭ાા ઈંચ વરસાદઃ ગત ચોમાસા કરતા ૧૦ ઈંચ વધુ મેઘમહેર

### રાજકોટ જિલ્લામાં ૫૬.૨૫ ટકા વરસાદ

| તાલુકો | વરસાદ (મી.મી.) | ટકાવારી |
|---|---|---|
| રાજકોટ | ૫૮૧ | ૭૧.00% |
| ધોરાજી | ૩૪૦ | ૪૫.૪૫% |
| ગોંડલ | ૪૬૪ | ૬૦.૨૨% |
| જામકંડોરણા | ૫૪૨ | ૮૦.૨૦% |
| જસદણ | ૨૬૧ | ૪૪.૫૫% |
| જેતપુર | ૩૮૯ | ૫૩.૩૮% |
| કો.સાંગાણી | ૪૫૯ | ૬૧.૧૦% |
| લોધિકા | ૫૩૨ | ૭૩.૩૦% |
| પડધરી | ૨૯૧ | ૫૨.૫૪% |
| ઉપલેટા | ૩૭૬ | ૪૭.૩૦% |
| વિંછીયા | ૧૩૮ | ૨૪.૩૮% |
| સરેરાશ | ૩૯૮ | ૫૬.૨૫% |

★ તા.૨૫-૭-૨૦૨૨ સુધીના આંકડા.

### સૌથી વધુ જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૩૨ ઈંચ મેઘકૃપા વરસી છે તો ટકાવારીમાં ૮૪.૨૨ ટકા સાથે પોરબંદર જિલ્લો અગ્રેસર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

સૌરાષ્ટ્રમાં ચાલુ ચોમાસે આરંભથી જ સારી મેઘમહેર વરસવી ચાલુ થઈ છે. જે આજે દોઢ મહિના બાદ પણ અવિરત રહી છે. શુકનવંતી મેઘસવારીએ અત્યાર સુધીમાં સૌરાષ્ટ્રમાં સરેરાશ ૧૭.૫૦ ઈંચ વરસાદ વરસાવી દીધો છે, જે ગત ચોમાસે ૨૫મી જુલાઈ સુધીમાં ૭.૫૦ ઈંચ જ હતો. એટલે કે, ચાલુ વર્ષે ૧૦ ઈંચ વધુ મેઘકૃપા વરસી છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગયા વર્ષે જેઠ અને અષાઢ મહિનામાં ૨૫.૭૪ ટકા વરસાદ વરસ્યો હતો. જયારે ચાલુ ચોમાસે અધધ ૬૦.૬૯ ટકા વરસી ગયો છે. આ સાથે મોટાભાગના જળાશયો પણ છલકી ઉઠયા છે. જેથી પાક-પાણીનું ચિત્ર ઉજળું બનતા ખેડૂતો અને આમ જનતાના ચહેરા પર રોનક આવી ગઈ છે. શ્રીકાર મેઘમહેરથી પ્રકૃતિ પણ સોળે કળાએ ખીલી ઉઠી છે.

ચાલુ ચોમાસે આજ સુધીમાં સૌથી વધુ ગીર સોમનાથ જિલ્લામાં સરેરાશ ૩૨ ઈંચ મેઘકૃપા વરસી ગઈ છે તો ટકાવારીની દ્રષ્ટિએ ૮૪.૨૨ ટકા સાથે પોરબંદર જિલ્લો સૌથી અગ્રેસર છે. એ જ રીંકે અત્યાર સુધીમાં રાજકોટ જિલ્લામાં ૧૬ ઈંચ (૫૬.૨૫ ટકા), મોરબી જિલ્લામાં ૧૩ ઈંચ (૫૮.૨૦), જામનગર જિલ્લામાં ૧૭.૫૦ ઈંચ (૬૧.૯૨), દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૪ ઈંચ (૮૧.૧૩ ટકા), જૂનાગઢ જિલ્લામાં ૨૭.૫૦ ઈંચ (૭૨.૩૬ ટકા) અમરેલી જિલ્લામાં ૧૪.૫૦ ઈંચ (૫૩.૪૮ ટકા), પોરબંદર જિલ્લામાં ૨૬ ઈંચ (૮૪.૨૨ ટકા), સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦.૫૦ ઈંચ (૪૪.૨૭ ટકા) ભાવનગર જિલ્લામાં ૧૦.૫૦ ઈંચ (૪૩.૫૩ ટકા) અને બોટાદ જિલ્લામાં ૧૦ ઈંચ (૩૯.૮૬ ટકા) મેઘમહેરથી અત્ર-તત્ર-સર્વત્ર લીલોતરીની ચાદર પથરાઈ ગઈ છે.

તાલુકા કક્ષાએ આજ સુધીમાં સૌથી વધુ સુત્રાપાડામાં ૧૧૮૬ મી.મી. એટલે કે ૪૭.૫૦ ઈંચ જેવી ધીંગી મેઘમહેર વરસી ગઈ છે. ત્યારબાદ કોડીનારમાં ૯૪૧ મી.મી., વિસાવદરમાં ૯૧૦ મી.મી., ખંભાળિયામાં ૮૭૮ મી.મી., અને માણાવદરમાં ૮૪૯ મી.મી. વરસાદ નોંધપાત્ર રહ્યો છે. જયારે સૌથી ઓછો વરસાદ વિંછીયા તાલુકામાં હજુ પણ ૧૩૮ મી.મી. એટલે કે ૫.૫૦ ઈંચ જ પડયો છે. એ જ રીતે ધ્રાંગધ્રામાં ૧૮૧ મી.મી., ઘોઘામાં ૧૮૨ મી.મી., લીંબડીમાં ૧૮૪ મી.મી. અને બોટાદમાં ૧૯૮ મી.મી. વરસાદ પણ ઓછો છે. જો કે, હજુ શ્રાવણ અને ભાદરનો મહિનો બાકી છે. એટલે સાર્વત્રિક ૧૦૦ ટકા મેઘકૃપા વરસી જશે એવી આશા જીવંત છે.

### ઓછા-વધુ વરસાદમાં ટોપ-૫ તાલુકા

| તાલુકો | વરસાદ (મી.મી.) | તાલુકો | વરસાદ (મી.મી.) |
|---|---|---|---|
| વિંછીયા | ૧૩૮ | સુત્રાપાડા | ૧૧૮૬ |
| ધ્રાંગધ્રા | ૧૮૧ | કોડીનાર | ૯૪૧ |
| ઘોઘા | ૧૮૨ | વિસાવદર | ૯૧૦ |
| લીંબડી | ૧૮૪ | ખંભાળિયા | ૮૭૮ |
| બોટાદ | ૧૯૮ | માણાવદર | ૮૪૯ |

### ગત વર્ષ કરતા કેટલો વધુ વરસાદ?

| | ૨૦૨૧ | | ૨૦૨૨ | |
|---|---|---|---|---|
| જિલ્લો | ઈંચ | ટકાવારી | ઈંચ | ટકાવારી |
| રાજકોટ | ૭.૦૦ | ૨૫.૧૪% | ૧૬.૦૦ | ૫૬.૨૫% |
| મોરબી | ૫.૫૦ | ૨૫.૬૭% | ૧૩.૦૦ | ૫૮.૨૦% |
| જામનગર | ૭.૦૦ | ૨૬.૨૨% | ૧૭.૫૦ | ૬૧.૯૨% |
| દ્વારકા | ૧૦.૫૦ | ૩૭.૫૭% | ૨૪.૦૦ | ૮૧.૧૩% |
| જૂનાગઢ | ૮.૫૦ | ૨૨.૮૨% | ૨૭.૫૦ | ૭૨.૩૬% |
| સોમનાથ | ૮.૦૦ | ૨૦.૯૧% | ૩૨.૦૦ | ૮૨.૨૬% |
| અમરેલી | ૮.૦૦ | ૨૯.૮૫% | ૧૪.૫૦ | ૫૩.૪૮% |
| પોરબંદર | ૬.૫૦ | ૨૧.૮૯% | ૨૬.૦૦ | ૮૪.૨૨% |
| સુ.નગર | ૫.૦૦ | ૨૧.૨૪% | ૧૦.૫૦ | ૪૪.૨૭% |
| ભાવનગર | ૭.૫૦ | ૩૧.૦૨% | ૧૦.૫૦ | ૪૩.૫૩% |
| બોટાદ | ૬.૫૦ | ૨૬.૩૮% | ૧૦.૦૦ | ૩૯.૮૬% |
| સરેરાશ | ૭.૫૦ | ૨૫.૭૪% | ૧૭.૫૦ | ૬૦.૬૯% |

## ચાલુ ચોમાસે સુત્રાપાડા તાલુકામાં સૌથી વધુ ૧૧૮૬ સી.મી. તો વિંછીયા તાલુકામાં હજુ માત્ર ૧૩૮ મી.મી. વરસાદ

### વડિયા તાલુકા યુથ કોંગ્રેસ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ અને ફ્રી મેડિસિન કેમ્પ યોજાયો

**(કિરીટ જોટવા દ્વારા)**

અમરેલી, તા.૨૫: વડિયાના તોરી ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વડિયા તાલુકા યુથ કોંગ્રેસ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ ફ્રી મેડિસિન કેમ્પ અને ધારાસભ્ય પરેશ ધાનાણીની ગ્રાંટમાંથી એમ્બ્યુલન્સના લોકાર્પણ કાર્યક્રમા યોજાયો હતો.



## "ઝરૂખો"

### માણસ વર્તમાનમાં જીવે એ જ સાચો સંબંધ

આપણે જયારે લગ્ન કરવા માટે જીવન સાથી શોધવા નીકળીએ ત્યારે કેવી- કેવી મુશ્કેલીઓ આવે અને કેવી સ્થિતિઓ સર્જાય છે. પછી તે લવ મેરેજ હોય કે અરેંજ મેરેજ શરતો તો બંનેમાં મુકાઇ છે અને તેને તમારે સ્વીકાર પણ કરવી પડે છે પણ આજે એક અલગ વાત કરવી છે.

આ ઘટના લગભગ ૧૪ વર્ષ પહેલાની છે. એક દિવસ કોલેજકાળના મિત્રોનો ફોન આવ્યો. તેનું નામ પ્રણય હતું. પ્રણય એટલો આનંદમાં હતો કે, ના પૂછો વાત. તેને કહ્યુ મારા લગ્ન નક્કી થઇ ગયા છે એટલે વાત જાણીને આનંદ થયો પણ તેને જે પાત્રનું નામ લીધું તે સાંભળીને હું તો અચંબિત થઇ ગઈ એટલે કે, પ્રણયના લગ્ન જેની સાથે નક્કી થયા હતા. તે પ્રિયા નામની છોકરી સાથે તે અમારી જ કોલેજમાં જ ભણતી હતી. થોડી અલગ સ્વભાવની હતી ને તેના વિશે કોલેજમાં જાતજાતની વાતો થતી હતી. પણ આપણે એવું જોયું ના હતું એટલે કોઈના વિશે કઈ પણ લખવા કે બોલવાનો આપણને અધિકાર નથી. એટલે મેં તેને સામે સવાલ કર્યો કે, પેલી આપણી સાથે હિસ્ટ્રીમાં હતી એ જ પ્રિયા. એટલે તેણે હા પાડી. આ પ્રણય એટલે તે પણ બે- ચાર મહિને ગર્લફ્રેન્ડ બદલવાવાળો છોકરો હતો. તેને સંબંધમાં બંધાઈને રહેવું ગમે જ નહીં. મજાની વાત તો એ હતી કે, ગર્લફ્રેન્ડ બનાવીને તેની સાથે મોજમજા કરવાની માનસિકતા ધરાવતો આ માણસ નિષ્કલંક પાત્રની શોધમાં હતો અને તેને જે છોકરી મળી તે લગભગ તેના જેવો જ ભૂતકાળ ધરાવતી હતી.



જાગૃતિ દવે મિશ્રા
(બરોડા)



આમ અહીં મને પ્રણયની વાત એટલે યાદ આવી કે માણસ જયારે પોતાના ભવિષ્યને આકાર આપવા બેસે છે ત્યારે તેને ભૂતકાળને છોડી દેવો પડે છે. માણસ જયારે સંબંધમાં બંધાઈ છે. એકબીજાની સાથે જોડાઈ છે. ત્યારે તેને સ્વીકારી લેવાની શરત હોય છે. કારણ દરેક વ્યક્તિનો અને દરેક વસ્તુનો ભૂતકાળ હોય જ છે. ભૂતકાળ વગર આગળ આવવાનું શક્ય જ નથી. આપણે કોઈને સલાહ પણ આપીએ ને તો ભૂતકાળમાં બનેલી ઘટનાના અનુભવના આધારે જ આપીએ છે. ભૂતકાળ આપણા પડછાયા જેવો છે તેને અવગણી શકાતો નથી. પડછાયો પણ માત્ર અનુભવવા માટે હોય છે પકડવા માટે નથી તેનું મોટું ઉદાહરણ એ છે કે તમે આગળ વધતા જાવ એમ સુર્યનો પ્રકાશ જતો રહે ત્યારે પડછાયો પણ જતો રહે છે. વ્યકિત અને સબંધોનું પણ કંઈક આવું જ છે. આપણે જયારે કોઈ સાથે જોડાઈએ છે. ત્યારે તેનો ને આપણો ચોકકસ ભૂતકાળ હોવાનો જ. આ ભૂતકાળને પકડીને બેસી રહેવાય નહીં વ્યકિતને સંબંધ બન્નેમાં વિશ્વાસ રાખીને આગળ વધવું પડે. આપણે રોડ ટ્રીપ પર જઈએ ત્યારે એ જગ્યા પર પહોંચવાનો આનંદ હોય છે એના કરતાં રોડ ટીપ વખતે જે અનુભવ થાય છે. તેનો આનંદ વધારે હોય છે તેનું કારણ છે પહેલા રોડ ટ્રીપનો અનુભવ કામ લાગે છે અને પછી જયાં પહોંચવું છે તેનું પ્લાનિંગ કરવાનું છે. આમ આ બધાની વચ્ચે જીવાતી જિંદગી એટલે આપણો વર્તમાન છે.

એટલે મિત્રો અહીં સરળ વાત એ છે કે, આપણે જે ગાડી ચલાવીએ તેનો ફ્રન્ટ વિન્ડ સ્ક્રીન ખૂબ મોટો હોય છે જયારે તેના ઉપર એક નાનકડો રિવર્સ રેરવ્યું મિરર હોય છે એટલે પાછળ જોવા માટે નાનો મિરર ચાલે પણ આગળ તો આપણું વર્તમાન અને ભવિષ્ય છે. આમ ભૂતકાળમાંથી શીખીને વર્તમાનમાં જીવવાનું છે અને તેમાંથી આપણા સબંધોનું ભવિષ્ય નકકી થતું હોય છે અને સબંધોની શરતો પણ કોઈ મોટા બિઝનેસ ડિલ જેવી હોતી નથી. સબંધમાં તો બે વ્યકિત જોડાય ત્યારે એટલી જ શરત હોય છે. આપણે સારુ નહીં પણ સાચું કહેશું. બસ આટલું હોય ને તો સબંધ ટકી જાય છે. એટલે જ માણસ ભૂતકાળ કરતા તેના વર્તમાનના જોડાણને સમજી જોડાણને સમજે તો તે કદાચ વધારો આનંદમાં જીવી શકશે. ખરૂને તો તમે પણ વિચારો...

સૌને મારા જય શ્રીકૃષ્ણ

### વોર્ડ નં.૨ માં પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

વોર્ડ નં.૨માં શિવાજી પાર્કની શેરીઓમાં રસ્તાના સાઈડના પડખામાં પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત સુરેન્દ્રનગર જીલ્લાના ભાજપ સંગઠનના પ્રભારી નીતિનભાઈ ભારદ્વાજ તથા પૂર્વ મેયર ગોવિંદભાઈ સોલંકીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે વોર્ડના કોર્પોરેટર ડો.દર્શિતાબેન શાહ, મનિષભાઈ રાડીયા, જયમીનભાઇ ઠાકર તથા વોર્ડ મીનાબા જાડેજા, શિક્ષણ સમિતિ ચેરમેન અતુલભાઈ પંડિત, વોર્ડ પ્રભારી મનુભાઈ વઘાસીયા, વોર્ડ પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ મહામંત્રી દશરથભાઈ વાળા શહેર ભાજપ મંત્રી દિપાબેન કાચા તથા ભાવેશભાઈ ટોયટા તથા પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્રભાઈ મિરાણી, અનિલભાઈ મકવાણા તથા જસુમતીબેન વસાણી, અગ્રણીય ગુલાબસિંહ જાડેજા, નિલેશભાઈ વ્યાસ, નિલેશભાઈતેરૈયા, કાળુમામા, દીપકભાઈભટ્ટ, જે.ડી. ઉપાધ્યાય, પ્રફુલભાઈ પોબારૂ, ડો.પંકજ રાઠોડ, અજયસિંહ જાડેજા, નરેન્દ્ર સિંહ સોલંકી, વગેરે ઉપસ્થિત રહેલ.

### સાવરકુંડલાના આંબરડીમાં સિંહણ અને બચ્ચાઓએ ચકકર માર્યા



**શિકાર બાદ ગર્જના કરી સીમ તરફ જતા સિંહો સીસીટીવીમાં થયા કેદ**

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૫

સાવરકુંડલાના આંબરડી ગામના સીમ વિસ્તારમાં છેલ્લા ૨૦ દિવસથી સિંહોનો પડાવ છે અને રોજ મધરાત થતાં સિંહો ગામની બજારમાં આવી ગાયોના ટોળામાં ત્રાટકી શિકાર કરે છે. શુક્રવારની રાત્રે સાડા ત્રણ વાગ્યે એક સિંહણ અને બે બચ્ચાંઓએ આંબરડીમાં લગભગ આખાયે ગામમાં ચક્કર માર્યા હતા અને ગામની બજાર સહિત અલગ અલગ જગ્યાએ ૩ ગાયોનો શિકાર કર્યો હતો.

સિંહો શિકાર તો કરે છે અને એ પણ બજારમાં જ, પરંતુ બજારમાં શિકાર કરતા હોવાથી અવરજવરના લીધે શિકાર ખાઈ શકતા નથી. દેશની શાન એવા સિંહો દુનિયામાં સૌથી વધુ ગુજરાતના ગીર વિસ્તારમાં છે અને એમાંય અમરેલી જિલ્લામાં હાલ સિંહોની સંખ્યામાં ખૂબ વધારો નોંધાતા જિલ્લો સિંહોની સંખ્યામાં અવ્વલ છે. ત્યારે આંબરડી ગામનો રેવન્યુ વિસ્તારનું વાતાવરણ અનુકુળ આવી ગયું હોય તેમ સિંહોએ અહીં આશ્રય સ્થાન બનાવી લીધું છે.

જોકે એક મહત્વની એ પણ છે આંબરડી આસપાસ વસવાટ કરતા સિંહો કોઈ માનવ ઉપર હુમલો કરતા નથી કે કોઈ માનવી દ્વારા સિંહોને કોઈ ખલેલ પહોંચે તેવું કૃત્ય થતું નથી તે પણ એક મહત્વની બાબત છે.

### ગાંધીનગર ખાતે મોક એસેમ્બલીમાં મળ્યો અલભ્ય અવસર

## વિરાણી હાઈસ્કૂલના બે વિદ્યાર્થી 'ધારાસભ્ય' બન્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

તાજેતરમાં ગાંધીનગર ખાતે મોડ એસેમ્બલીમાં વિરાણી હાઈસ્કુલ, રાજકોટના ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ ઉદય ચાવડા તથા જામીન લાવડીયાને ધારાસભ્ય બનીને વિધાનસભાનું સંચાલન કરવાનો અલભ્ય અવસર પ્રાપ્ત કરીને અને વિધાનસભામાં પ્રજાના પ્રતિનિધિત્વ કેમ કરવું તેનો અનુભવ મેળવેલ હતો.

લોકોના પ્રતિનિધિ બની અને વિવિધ વિભાગ પ્રમાણે પ્રશ્નોની રજૂઆત કરી પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં આવી હતી. ગુજરાત રાજયના અલગ અલગ જિલ્લાની ૩૫૦૦ જેટલી અરજીઓમાંથી ૧૮૨ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવેલ. જેમાં વિરાણી હાઈસ્કૂલના બે



વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે અને તેને ધારાસભ્ય અને મંત્રી બનવાની તક મળી હતી.

શાળાના શિક્ષક રાજેશભાઈ બામટાના માર્ગદર્શન નીચે તૈયારી કરી વિધાસભામાં બોલવા માટે અવાર મળેલ તેનો સફળ રીતે લાભ લીધો હતો. પ્રજાના પ્રતિનિધિ તરીકે વિધાનસભા કઈ રીતે ચાલે છે, તેનો જાતે અનુભવ કરેલ અને ધારાસભ્યો વિધાનસભામાં જે રીતે પ્રજાના પ્રશ્નો રજુ કરે છે અને તેને યોગ્ય રીતે કાર્ય કરવા માટે વિધાનસભામાં જે કાર્ય કરવા માટે જે તે વિસ્તારમાં મંજુર કઈ રીતે થાય છે, તે પ્રત્યક્ષ અનુભવ કરેલ હતો.

**વિધાનસભાના અધ્યક્ષ અને શિક્ષણમંત્રી સાથે પણ વિદ્યાર્થીઓએ શુભેચ્છા મુલાકાત કરી**

વિદ્યાર્થીઓએ વિધાનસભાના અધ્યક્ષ નિમાબેન આચાર્ય તેમજ શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી સાથે શુભેચ્છા મુલાડાત કરી હતી. તેઓને શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયા તથા ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા છે.




## બગસરા પંથકમાં જંગલી ભૂંડનું શેરડીના પાક ઉપર આક્રમણ

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૫

એક તરફ સારા વરસાદથી ખેડૂતો મબલખ પાકની આશાઓ સેવી રહ્યા હોય ત્યારે બગસરા પંથકના ખેડૂતો પર નવી આફત ત્રાટકી છે પરસેવો પાડીને રાત દિવસ એક કરતા ખેડૂતોને હરણ, રોઝ, નિલગાયનો ત્રાસ સહન કરી રહ્યા છે ત્યારે હવે બગસરાના સાપર સુડાવડ ગામે જંગલી ભુંડનું ટોળું ત્રાટકતા શેરડી અને મગફળીના પાકનો સોથ બોલાવી દેતા ખેડૂતો જાયે તો જાયે કહાં જેવી સ્થિતિ નિર્માણ પામી છે.



બગસરા પંથકનું સુડાવડ અને સાપર ગામ ખેતી આધારિત ગામડાઓમાં ખેડૂતોને સારા વરસાદથી ઓણસાલ મબલખ કમાણી કરવાની ખેડૂતોની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. ખેડૂતો દરેક મોસમમાં અલગ અલગ પાકોનું વાવેતર કરે છે ત્યારે બગસરા પંથકમાં જગતનો તાત ખેડૂતોને નીલગાય, હરણ, રોઝના ત્રાસ સાથે જંગલી ભૂંડ-સુવરનો ત્રાસ સામે આવતા ખેડૂતોના પરસેવાની કમાણી પરપાણી ફેરવી રહ્યા છે. બગસરા તાલુકાના સાપર અને સુડાવડ ગામે જંગલી ભૂંડનું ટોળું રોજબરોજ એક યા બીજા ખેતરોમાં જઈને ખેતીના પાકોનો સોથ બોલાવી રહ્યા છે સાપરના બે વીઘા ઉપરની શેરડીમાં પાકોનો સોથ બોલાવી દીધો શેરડીનો પાક જમીન દોષ થઈ જતા ખેડૂત મુશ્કેલીમાં મુકાયા ખેડૂતે જણાવ્યું હતું કે, હાલ એક બાજુ સતત વરસાદથી ખેતી પાકને નુકસાની જવાની ભીતી સેવાઈ રહી છે.

ત્યારે શેરડીનો પાક તૈયાર થવાના આરે હતા ત્યાં જ જંગલી ભુંડનું ટોળું ત્રાટકયું અને શેરડીના પાકને ભારે નુકસાન કરતા ખેડૂત મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

# અમરેલી જિલ્લામાં જંગલી જનાવરોનો આતંકઃ વધુ બે લોકો પર હુમલો

**ગીરના કાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં ખૂંખાર સિંહ-દીપડાના ડેરા-તંબુ**







## ધારી પંથકમાં બાળક અને ખાંભા નજીક યુવાનને ફાડી ખાધા બાદ હવે જાફરાબાદ તાલુકામાં માનવભક્ષી દીપડાએ વૃધ્ધા અને યુવકને કર્યા લોહી લુહાણ

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૫

ગીર કાંઠાના અમરેલી જિલ્લામાં વન્ય પશુ દ્વારા છાસવારે માનવી તથા પશુ-વન ઉપર હુમલાની ઘટનામાં ભારે વધારો થયો છે ત્યારે ગીર કાંઠાના ગામોમાં ભયનો માહોલ સર્જાયા છે. થોડા દિવસ પહેલા ધારી નજીક આવેલ પુરા ગામે એક વર્ષના બાળકને દીપડાએ ફાડી ખાધાની ઘટના બાદ ગત શનિવારે સાંજના સમયે ખાંભા તાલુકાના નાની ધારી ગામે એક સિંહ-સિંહણે યુવકને ફાડી ખાયો હતો, ત્યારે રવિવારે જાફરાબાદ પથંકમાં એક વૃધ્ધા તથા એક ખેડૂત ઉપર દિપડાએ હુમલો કર્યાની ઘટના વધી છે. નાનીધારી ગામે યુવાનોને ફાડી ખાનાર સિંહ-સિંહણ મહામહેનતના અંતે પીંજરે પુરાયા છે.

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે રહેતા સંતોકબેન નામના વૃધ્ધા શનિવારે રાત્રીના સમયે વાડી વિસ્તારમાં સુતા હતા ત્યારે અચાનક દીપડાએ હુમલો કરી દેતા દીપડાના હુંમલાથી ઘવાયેલા વૃધ્ધાને માથાના ભાગે ગંભીર ઇજાઓ થવા પામી હતી. આ બનાવની જાણ વાડીના આજુબાજુના લોકોને થતા લોકો એકચિન થઇ જતા દીપડો નાશી છુટયો હતો. આ બનાવને આજુબાજુના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

જયારે બીજા બનાવમાં જાફરાબાદ તાલુકાના વડલી ગામે રહેતા અને ખેતીકામ કરતા ભરતભાઇ બાંભણીયા ગામના ખેડૂત ગઇકાલે પોતાના ખેતરમાં દવાનો છંટકાવ કરતા હતા. ત્યારે અચાનક એક દીપડાએ હુમલો કરી દેતા ખેડૂતને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે રાજુલા દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ બન્ને બનાવની જાણ વન વિભાગને કરવામાં આવતા વન વિભાગે આ વિસ્તારમાં પડાવ નાખ્યો છે. એક જ દિવસમાં જાફરાબાદ પંથકમાં દિપડાએ બે લોકોને ઇજા કર્યાની ઘટનાથી ચકચાર મચી જવા પામી છે.

### નાની ધારી ગામે માણસનું લોહી ચાખી ગયેલા સિંહ અને સિંહણને પાંજરે પૂરવામાં વનતંત્રને સફળતા

શનિવારે સાંજના સમયે ખાંભા તાલુકાના નાનીધારી ગામે રહેતા ભાયદેશ બુલાભાઇ પરીયાર નામના ૧૭ વર્ષીય યુવક નાની ધારી ગામમાં અનકભાઇ વાળાની વાડી પાસેના કાંચા રસ્તા ઉપરથી પસાર થતા હતા ત્યારે એક વાડીમાંથી અચાનક એક સિંહ ભાયદેશભાઇને પકડી અને વાડમાં પાછો છુપાયો હતો. આ બનાવની જાણ વનવિભાગને કરવામાં આવતા આ તરૂણને સિંહ-સિંહણના મોંઢામાંથી છોડાવવાનો પ્રયાસ કરવા છતાં પણ તરૂણને છોડેલ નહીં અને વાડની કાંટમાં લઇ જઇ તરૂણને માથાથી લઇ કમર સુધીનો ભાગને ફાડી ખાઇ જતાં તરૂણનું મોત નિપજયું હતું.

આ બનાવ બાદ વન વિભાગે મહા મહેનતે આ સિંહ તથા સિંહણને પાંજરે પુરી આંબરડી સફારી ખાતે ઓબર્ઝેવેશન માટે ખસેડવામાં આવેલ છે.

# સૌ.યુનિ. પીએચ.ડી.ની ૧૪૯ જગ્યા સામે ૨૬૧૦ ફોર્મ

**કુલપતિ પ્રોફે. ગિરીશભાઈ ભીમાણીના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી. પ્રવેશ પરીક્ષા પારદર્શક રીતે લેવાશેઃ પરીક્ષાની તારીખ આગામી સમયમાં પ્રસિધ્ધ કરાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી. અભ્યાસક્રમમાં એડમિશન લેવા માટે વિવિધ ૨૮ વિષયોમાં ખાલી રહેલ કુલ ૧૪૯ જગ્યાઓ માટે મેરીટ પરીક્ષા માટે કુલ ૩૭૭ તથા પ્રવેશ પરીક્ષા આપવા માટે કુલ ૨૨૩૩ મળીને કુલ ૨૬૧૦ ફોર્મ ભરાયા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ગિરીશભાઈ ભીમાણીના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સેન્ટ્રલ એડમિશન બોર્ડ (SUCAB) દ્વારા પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા પારદર્શક રીતે લેવામાં આવશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી. અભ્યાસક્રમમાં એડમિશન માટેની મેરીટ પરીક્ષા તથા પ્રવેશ પરીક્ષા ઓફલાઈન લેવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ એમ.ફીલ. કરેલું છે એ લોકોએ મેરીટ ટેસ્ટ તથા અનુસ્નાતક અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓએ એન્ટ્રન્સ ટેસ્ટ આપવાની રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાની તારીખ આગામી સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાનું સુચારૂ રીતે આયોજન થાય એ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સેન્ટ્રલ એડમિશન બોર્ડના ચેરમેન ડો. સંજયભાઈ ભાયાણી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સેન્ટ્રલ એડમિશન બોર્ડની સમગ્ર ટીમ, પી.જી. વિભાગના વડા ડો. મનીષભાઈ ધામેચા, પી.જી. વિભાગના વિભાગીય અધિકારી નીલેશભાઈ ટાંક સહિતના સૌ કાર્યરત છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરવાની મુદત વધારવા ચેમ્બર ઓફ કોમર્સની માંગ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

ઈન્કમટેક્ષના રીટર્ન જુલાઈની ૩૦ તારીખ સુધીમાં ભરવાના હોય, આ તારીખ સુધીમાં ભરી શકાય તેમ નથી કારણ કે, ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં વચ્ચેના સમયે ખુબ જ વરસાદના કારણે ટેક્ષ કન્સલ્ટન્ટ ઓફીસે પહોંચી શકેલ ન હોય, તેટલા દિવસના કામનો ભરાવો થયેલ. તેમજ ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરતા પહેલા ટી.ડી.એસ. અને ટી.સી.એસ.ના વેરીફીકેશન માટે ઓનલાઈન તપાસણી કરવાની હોય, ઈન્કમટેક્ષ પોર્ટેલ ન ખુલવાને કારણે થઇ શકેલ નહીં. આમ કેટલાક દિવસો કામ સ્થગિત રહેલ. જેથી ૩૦ જુલાઈ સુધીમાં રીટર્ન ભરવા એકસાથે પોર્ટેલ પર ઘસારો થતા ઈન્ટરનેટ કનેકશનો ધીમા ચાલે છે અને સાઈટના સર્વર ડાઉન થઈ જતા ઓનલાઈન થવામાં મુશ્કેલી થાય છે. આવા સંજોગોને ધ્યાને લઈને રીટર્ન ભરવાની તારીખ લંબાવવી જરૂરી રહે છે. તેમ સી.બી.ડી.ટી.ના ચેરમેન તથા

**સીબીડીટી તથા ઈન્કમટેક્ષ સમક્ષ કરાઈ રજૂઆત**

સી.બી.ડી.ટી.ના મેમ્બર ઈન્કમટેક્ષ સમક્ષ વિસ્તૃત રજુઆત ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કરવામાં આવેલ છે.

આમ ગ્રેટર રાજકોટ ચેમ્બરના પ્રમુખ સી.એ. રાજીવભાઈ દોશી તથા માનદમંત્રી ઉપેનભાઈ મોદી દ્વારા જણાવવામાં આવેલ છે.(૧૩.૧૧)

## રવિવારે શહેરમાં કોરોનાના નવા ૨૬ કેસ દાખલ, જિલ્લામાં એક સપ્તાહમાં નવ ૧૦૫ કેસ નોંધાયા

# ફેમિલી પ્લાનિંગ એશોસિએશન ઓફ ઈન્ડિયાનો ૭૩મો સ્થાપના દિન કાર્યક્રમ યોજાયો





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા. ૨૫

ફેમિલી પ્લાનિંગ એશોસિએશન ઓફ ઈન્ડિયા રાજકોટ દ્વારા કણસાગરા મહિલા કોલેજ ખાતે ૭૩ મો સ્થાપના દિવસ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૯ સમાજકાર્યના તાલીમાર્થી બહેનો સામેલ થયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કણસાગરા કોલેજના સમાજકાર્ય વિભાગના કો ઓર્ડિનેટર નેહાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું તથા એફ પી એ આઈ દ્વારા તમામ મહેમાનોનું પુષ્પ આપીને સન્માન કરેલ. ફોર હર ફાઉન્ડેશનના ફાઉન્ડર ડો અનુપમભાઈ તિવારી દ્વારા નારીશક્તિ અને સન્માન વિશે ઉદબોધન કર્યું હતું અને સ્ત્રીઓ એ ગર્વભેર જીવન જીવવું જોઈએ. તેમણે તેની સંસ્થા દ્વારા કરેલા સેવાકીય કાર્યોની વિગતે વાત કરી હતી. ત્યારબાદ સમાજકાર્યની તાલીમાર્થીઓ દ્વારા બેટી બચાવો, બેટી પઢાવો, ભ્રુણ હત્યા અટકાવો વિષયને આવરીને ચિત્રો બનાવ્યા હતા અને તે દીકરીઓને બૂક આપીને પ્રોત્સાહિત કરેલ તથા સમાજકાર્ય વિભાગના ફેકલ્ટી મેમ્બર ભવદીપભાઈ ત્રિવેદી દ્વારા સૌનો આભાર દર્શન કરેલ તથા એફ પી એ આઈ રાજકોટના સેક્રેટરી એચ. આર. જરીયા તથા મેમ્બર રાજેશભાઈ ભાતેલીયાએ પ્રોત્સાહક હાજરી આપી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એફ પી એ આઈ રાજકોટ બ્રાંચના પ્રેસિડેન્ટ મહેશભાઈ મેહતાએ શુભેચ્છાઓ પાઠવી હતી તથા સંસ્થાના પ્રોગ્રામ ઓફિસર કમ કાઉન્સેલર મહેશભાઈ રાઠોડ અને શિલ્પાબેન નિમાવત તથા કણસાગરા મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડો. રાજેશભાઈ કાલરીયા તથા સમાજકાર્ય વિભાગના કો-ઓર્ડિનેટર નેહાબેન ચૌહાણ દ્વારા સક્રિય જહેમત ઉઠાવી હતી. તેમ જણાવ્યું છે.

# વીરપુરઃ જલારામ બાગ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



**(કિશન મોરબીયા દ્વારા)**

વીરપુર, તા.૨૫

સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુર જલારામમાં આવેલ જલારામ બાગ ખાતે વીરપુર ગ્રામપંચાયત દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

વીરપુર ગ્રામ પંચાયતના યુવા સરપંચ રમેશભાઈ સરવૈયાએ વિરપુર જલીયાણધામને હરિયાળું બનાવવા માટે આયુર્વેદિક વૃક્ષોના રોપાઓ તેમજ પર્યાવરણને શુદ્ધ કરતા અલગ અલગ વૃક્ષોનું જલારામ બાગમાં રોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં વીરપુર ગ્રામપંચાયતના યુવા સરપંચ રમેશભાઈ સરવૈયા અને કર્મચારીઓ તેમજ સદસ્યો કેશુભાઈ મેર, પરસોત્તમભાઈ શેખ, રમેશભાઈ મકવાણા, હરિભાઈ વેકરીયા,ટીટી કોઠારી, પ્રવીણભાઈ બરવાડિયા, સંજયભાઈ ઠૂંગા, મુકેશભાઈ વઘાસીયા, વિપુલભાઇ ચાવડા, સુરેશભાઈ દુધરેજીયા, ડી.પી.ભુવા, પોસીયાભાઈ, ભૂરાભાઈ ચાવડા તેમજ વીરપુરના યુવા પત્રકાર ગૌરવભાઈ ગાજીપરા તથા કિશનસિંહ મોરબીયા હાજર રહી વૃક્ષારોપણ કર્યું હતું. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

# અમદાવાદ આહીર સમાજના પ્રમુખ તરીકે ભીમશીભાઈ ખોડભાયાની નિમણુંક



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

તા.૨૪ને રવિવારના રોજ શ્રી અમદાવાદ આહીર સમાજ (અમદાવાદ-ગાંધીનગર)ની ૨૦૨૧-૨૨ વાર્ષિક સાધારણ સભા AGM 2021-22 પ્રમુખ કલ્પેશભાઈ કાતરીયાના અધ્યક્ષ સ્થાને, ગીર રજવાડી રેસ્ટોરન્ટ-અમદાવાદ ખાતે યોજાઇ હતી. જેમાં પૂર્વ પ્રમુખઓ, દાતાઓ, કારોબારી સભ્યઓ, આજીવન સભ્યઓ, તેમજ સમાજ શ્રેષ્ઠીઓએ હાજરી આપી હતી.

વાર્ષિક સાધારણ સભામાં ૨૦૨૦-૨૧ની પ્રમુખ અને તેમની કરોબારીની ટિમ દ્વારા કરવામાં આવેલા કાર્યો તેમજ સમાજના વિવિધ પ્રશ્નોને લઈને ચર્ચા કરવામાં આવી હતી. નવા વર્ષની કારોબારી ૨૦૨૨-૨૩ની રચના પ્રમુખના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી, જેમાં ભીમશીભાઈ ખોડભાયાને નવનિયુક્ત પ્રમુખ તરીકે અને કરશનભાઇ ભોચીયા અને શ્રીપ્રતાપભાઈ ડેરને ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. આ તકે મંત્રી તરીકે રણજીતભાઈ પાડા તેમજ સહમંત્રી તરીકે અશોકભાઈ પરડવા, લખુભાઈ જોગલ, ભાર્ગવભાઈ બલદાણીયા, અશોકભાઈ ચંદ્રવાડીયા, સંજયભાઈ છૈયા તેમજ ખજાનચી તરીકે પ્રવિણભાઈ ભાદરકા, સહ ખજાનચી તરીકે રમેશભાઈ લાડુમોરની વરણી કરવામાં આવી હતી. નવનિયુકત પ્રમુખ ભીમશીભાઈ ખોડભાયા અને નવી ટીમને શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

# સરગમ ચિલ્ડ્રન કલબના સભ્યો માટે ડ્રોઈંગ કોમ્પિટિશન યોજાઇ






**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

સરગમ ચિલ્ડ્રન કલબના સભ્યો માટે ડ્રોઇંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં કુલ ૩૨૫ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં બે ગ્રુપમાંથી ૧૫+૧૫ એમ કુલ ૩૦ બાળકો વિજેતા થયા અને સર્ટિફિકેટ તથા ગીફટ સાથે આપવામાં આવી. આ પોગ્રામનું સ્વાગત પ્રવચન ગુણવંતભાઈ ડેલાવાળા અને આભાર વિધી અલ્કાબેન ધામેલિયાએ કરેલ હતી.

હેમુગઢવી હોલમાં મન્સૂર ત્રિવેદી પ્રસ્તુત મેલોડી કલર્સ ઓરકેસ્ટ્રા કાર્યક્રમના કલાકાર સૈફુદીન ત્રિવેદી, નિલેષભાઈ વસાવડા, કાજલ કથ્રરેચા અને દેવાંશી ચાંગેલા સાથે મિલનભાઈ ત્રિવેદી દ્વારા પોપેટ શો રાખેલ હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન નીચે લેડીઝ કલબના કમિટી મેમ્બર ગીતાબેન હિરાણી, ચેતનાબેન સવજાણી, ડો.મધુરિકાબેન જાડેજા, અલ્કાબેન ધામેલિયા, જયશ્રીબેન મહેતા, વૈશાલીબેન શાહ, હેતલબેન થડેશ્વર, છાયાબેન દવે, જયશ્રીબેન વ્યાસ પુજાબેન વાળા આ તમામ લેડીઝ કલબના કમિટી મેમ્બરએ જહેમત ઉઠાવી હતી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

**વિજ્ઞાન ગુર્જરી દ્વારા સીસીડીસીના છાત્રો માટે**

# ''ઈનોવેટીંવ મેથેમેટીકસ ટ્રીક ટુ સોલ્વ પ્રોબ્લેમ'' વિષયક કાર્યશાળાનું આયોજન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

રાજ્યનું વિજ્ઞાન ટેકનોલોજી ક્ષેત્રે કાર્યરત વિજ્ઞાન ગુર્જરી મારફત ''સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ - ૨૦૨૨''નું આયોજન કરાયેલ છે . જેમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનાં તજજ્ઞો ઉદ્યોગક્ષેત્ર , મેડિકલ ક્ષેત્રે , વૈજ્ઞાનિકો , ગણિતજ્ઞ વગેરે ૭૫ નિષ્ણાંતો મારફત રાજ્યભરમાં ૭૫ કાર્યશાળાઓનું નિ:શુલ્ક આયોજન કરી શાળા કોલેજનાં છાત્રોને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં રૂચી વધે અને સ્વદેશી ટેકનોલોજીના ઉપયોગથી આત્મનિર્ભર ભારતનું સ્વપન સાકાર કરવામાં યુવા પેઢીનું મહત્ત્વનું યોગદાન રહે તે માટે 'નેશનલ રેકોર્ડ' રચાઈ તે પ્રકારે સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૨નું આયોજન કરાયેલ છે . વિજ્ઞાન ગુર્જરીના રાજકોટ એકમ મારફત ૬ કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં છાત્રોને તેમની કારકિર્દીમાં ઉપયોગ થાય તે પ્રકારના વિષયો અને તજજ્ઞો મારફત

### ૩૦૦ છાત્રોએ નિઃશુલ્ક કાર્યશાળામાં ભાગ લીધો

આયોજન કરવામાં આવે છે. વિજ્ઞાન ગુર્જરીના રાજકોટ એકમનાં ડો. નિકેશભાઈ શાહ અને ડો. પ્રદીપભાઈ જોષીએ જણાવેલ કે, રાજ્યભરમાં અત્યાર સુધીમાં ૩૧ કાર્યશાળાઓ વિજ્ઞાન અને ટેકનોલોજીનાં વિવિધ ક્ષેત્રોમાં યોજાઈ ગયેલ છે. જેમાં ૫૦૦૦ થી વધુ છાત્રોએ લાભ લીધેલ છે. તાજેતરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા છાત્રોને જીપીએસસી, બેંકીંગ, રેલ્વે, સ્ટાફ સિલેકશન વગેરે પરીક્ષાઓમાં ગણિત અને રીઝનીંગ વિષય સરળતાથી તૈયારી કરી શકાય તે માટે ''ઈનોવેટીવ મેથેમેટીકલ ટ્રીક ફોર સોલ્વીંગ પ્રોબ્લેમ'' વિષય કાર્યશાળાનું આયોજન વિજ્ઞાન ગુર્જરી અને કેરીયર એન્ડ કાઉન્સેલીંગ સેલ (સીસીસી) મારફત યોજાયેલ જેમાં ૩૦૦ છાત્રો જોડાયેલ હતા.

વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરતા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના અગ્રણી અને સ્પીપા રાજકોટના તજજ્ઞ નરેન્દ્રભાઈ દવે, વૈદિક ગણિતનો ઉલ્લેખ કરી છાત્રોને સ્પર્ધાત્મક પરીક્ષાનું ગણિત માટે સરળ તકનીકો સમજી તૈયારી કરવાનું જણાવેલ અને સ્પીપામાં કઈ પ્રકારની તાલીમ આપવામાં આવે છે તે અંગે માર્ગદર્શિત કરેલ હતા. કાર્યશાળાને સફળ બનાવવા ટીમ સીસીડીસીના સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, દિપ્તીબેન ભલાણી, આશીષભાઈ કિડીયા, હીરાબેન, સોનલબેન વગેરેએ જહેમત ઉઠાવેલ હતી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# કાલે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ બેઠકઃ કુલ ૩૬ દરખાસ્તો

**લાઈબ્રેરીઓ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઓનલાઈન વીડિયો કોર્ષ શરૂ કરવા નિર્ણય લેવાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની એક મિટિંગ તા.૨૬ને મંગળવારે બપોરે ૧૨ કલાકે મહાનગરપાલિકા કચેરીમાં પ્રથમ માળે આવેલ સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સ રૂમમાં રાખવામાં આવેલ છે. કુલ ૩૬ દરખાસ્તો છે.

વોર્ડ નં.૨માં આવેલ રેસીડેન્સીઅલ સોસાયટી, લો-રાઇઝ તથા હાઇરાઇઝ એપાર્ટમેન્ટમાં ડે.મેયરની ૨૦૨૧-૨૨ની ગ્રાન્ટમાંથી ખરીદ કરેલ ૧૨૦ લીટર કેપીસીટીની ડસ્ટબીન વિનામૂલ્યે આપવા નિર્ણય લેવામાં આવશે. મહાનગરપાલિકા સંચાલિત લાઇબ્રેરીઓ ખાતે જીપીએસસી તથા રાજય સરકારની વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઓનલાઇન વીડિયો કોર્ષ શરૂ કરવા નિર્ણય લેવાશે. શ્રી રામનાથ મહાદેવ મંદિર ડેવલપમેન્ટ તથા આજી રિવફ્રન્ટ ડેવલપમેન્ટની કામગીરી માટે આર્થિક સહાય અંગે નિર્ણય લેવામાં આવશે. વોર્ડ નં.૧૮માં કોઠારિયા મે. રોડ પર કોમ્યુનિટી હેલ્થ સેન્ટર બનાવવા સહિતની દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે.(૧.૫)

# કાલે અરવિંદ કેજરીવાલ રાજકોટમાં

**સવારે ૧૧ કલાકે વેપારીઓ અને ઉદ્યોગપતિઓને મળશે**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટઃ આમ આદમી પાર્ટીના નેશનલ જોઇટ સેક્રેટરી ઇન્દ્રનીલ રાજયગુરૂએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતની જનતાને મળી તેમની સમસ્યાઓ વિશે વાત કરવા, ગુજરાતના લોકોના પ્રશ્નોના જવાબ આપવા ફરી એકવાર ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આજે સાંજે અરવિંદ કેજરીવાલ ફલાઇટથી રાજકોટ આવશે અને સીધા જ સોમનાથ જવા રવાના થશે અને તા.૨૬ને મંગળવારે સોમનાથ મહાદેવનાં દર્શન કરશે. ત્યારબાદ કેશોદ થઇને રાજકોટ આવશે. સવારે ૧૧:૩૦ કલાકની આસપાસ કાલાવડ રોડ પર આવેલી રત્નવિલાસ પેલેસ હોટલ ખાતે વેપાર-ઉદ્યોગનાં પ્રતિનિધિઓ સાથે બેઠક કરશે.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**


**મો.9429787729**

**email:-saurashtrakranti@gmail.com**

## ગુજરાતમાં નવતર ક્રાંતીના મંડાણ...!!!

# ઓછુ ભણેલા માટે વિધાનસભાના દ્વાર થશે બંધ!!

### ગુજરાતમાં હવે આગામી ચૂંટણીઓ બાદ વિધાનસભામાં અભણ સભ્યો બિરાજતા હોવાનું કલંક ધોવાઈ જશેઃ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા અપનાવાયો અસાધારણ અને પ્રશંસનીય અભિગમ




### વર્તમાન સભ્યોમાં કેટલું શિક્ષણ અને કેટલું અપરાધીકરણ

ક્રિમીનલ કેસ હોય એવા સભ્યોની સંખ્યા ૫૦
સીરીયસ ક્રિમીનલ કેસનો સામનો કરતા સભ્યોની સંખ્યા ૩૨
કરોડપતિ હોય એવા સભ્યોની સંખ્યા ૧૪૦
અંડર ગ્રેજ્યુએટ જેટલું જ શિક્ષણ ધરાવનારા સભ્યો ૯૫
ગ્રેજ્યુએટ લોકપ્રતિનિધિઓની સંખ્યા ૭૦
ડીપ્લોમાં હોલ્ડર સભ્યોની સંખ્યા ૧૭
મહિલાઓનું સંખ્યાબળ ફક્ત અને ફક્ત ૭ ટકા

### માત્ર સ્નાતક હોય એવા યુવા શિક્ષિત ચહેરાને ટિકિટ આપવાનો મુખ્ય રાજકીય પક્ષો ઐતિહાસિક ફેસલો કરશે???

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૫

આપણા દેશમાં આઝાદી પછી અત્યાર સુધીની પરિસ્થિતિનું અને લોક પ્રતિનિધિઓની પસંદગીની પ્રક્રિયા અને ચલણનું વિશ્લેષણ કરીએ તો બિલકુલ હરખ ન થાય બલ્કે અફસોસનો પાર ન રહે એવી હકીકતો દર્શાવતા આંકડા આપણી સામે આવતા રહ્યા છે અને વખતોવખત તેના પર દરેક દાયકામાં અને દરેક રાષ્ટ્રીય કે ધારાકીય ચૂંટણીઓ પછી જોરશોરથી ડીબેટ થતી રહે છે. પણ પરિણામમાં કોઈ સુધારો આવતો નથી અને ઓછું ભણેલા લોક પ્રતિનિધિઓથી સંસદ અને ધારાસભાઓ છલકાતી જોવા મળી છે. આવા રાજકીય હવામાનમાં લોકોનાં પ્રતિનિધિ જેવા મહત્વના સ્થાન પર ચૂંટાઈ જવા માટે કોઈ ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધ્યાનમાં લેવામાં આવતી નથી. એ આપણી રાષ્ટ્રીય અને લોકશાહી પ્રક્રિયાનું મોટું ઉધારપાસું રહ્યું છે અને આપણી કમનસીબી રહી છે કે, આપણા પ્રતિનિધિઓ તરીકે ખૂબ જ મોટી સંખ્યામાં અર્ધશિક્ષિત કે અશિક્ષિત હોય એવા નેતાઓ ચૂંટાતા રહ્યા છે. હંમેશા ઉચ્ચ શિક્ષિત, સ્નાતક કે અનુસ્નાતક લોક પ્રતિનિધિઓની સંખ્યા બહુ જ ઓછી ટકાવારીની રહી છે. જ્યારે- જ્યારે ટિકિટોની ફાળવણી થતી હોય છે ત્યારે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પર શિક્ષણ અને લાયકાત સિવાયના અન્ય પરિબળો જ પ્રક્રિયાને ઘેરી વળતા રહે છે અને છવાયેલા રહે છે. એટલે જ અત્યાર સુધી સામાન્ય જનતામાં કટાક્ષમાં એવું બોલાતું રહે છે કે, રાજકારણ જ દેશમાં એક એવું ક્ષેત્ર છે કે, જ્યાં જવા માટે ભણતરની કે ડિગ્રીની કોઈ જરૂર રહેતી નથી અને મહદંશે લોકોનો આ કટાક્ષ વાસ્તવમાં દેશમાં સંસદ અને ધારાગૃહોની શૈક્ષણિક રીતે કંગાળ દશાના પ્રતિબિંબ સમાન ગ્રાઉન્ડ રીયાલીટીને ઉજાગર કરે છે. આ માત્ર કટાક્ષ નથી પણ કડવું સત્ય છે. પણ જે રીતે ઘેરી નિરાશાના વાદળોમાં ક્યાંક આશાનું કિરણ પ્રગટતું હોય છે એ રીતે ગરવા ગુજરાતની ધરતી પરથી જ આશાનું કિરણ માત્ર નહીં પણ નવો સૂર્યોદય અને તેના પ્રાગટ્ય થવાની આશા જાગી છે.

તાજેતરના દાયકાઓમાં અનેકવિધ વિષયો અને વિકાસની દ્રષ્ટિએ ગુજરાત દેશ માટે દીવાદાંડી બનવામાં અગ્રેસર થતું રહ્યું છે. એટલે રાજકારણમાં વિશુદ્ધિકરણનો પહેલો પ્રયોગ કરવામાં પણ ગુજરાત અવ્વલ અને અગ્રેસર બની રહેશે. એવી પ્રબળ સંભાવનાઓ જાગી ઉઠી છે અને એ દિશામાં અગ્રેસર થઈને ગુજરાતના રાજકીય આંગણાના ત્રણેય મુખ્ય દાવેદાર પક્ષો ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ સૂર્યોદયની આશાઓ બળવતર બનાવી દીધી છે અને અસાધારણ તથા ઐતિહાસિક ફેસલો કરીને ગુજરાતના રાજકારણને ક્રાંતિકારી વળાંક આપવાની દિશામાં પ્રશંસનીય પહેલ કરી છે. ગુજરાતમાં બે પક્ષોનું વર્ચસ્વ તો છે જ અને ત્રીજી પાર્ટી એટલે કે ત્રીજા સ્ટેક હોલ્ડર તરીકે આમ આદમી પાર્ટી પણ કાંઠું કાઢી રહી છે અને ગુજરાત ધારાસભાને નવા કલેવરને વાઘા પહેરાવવાનો અભિગમ અપનાવતા ગુજરાતની જનતા માટે શિક્ષિત અને અભ્યાસુ પ્રતિનિધિઓની સેવા મળવાની અનોખી તક ઉભી થઇ રહી છે.

ભાજપ, કોંગ્રેસ અને આપ આદમી પાર્ટી આ ત્રણેય મુખ્ય પક્ષોએ ગુજરાતની વિધાનસભાની આગામી ચૂંટણીઓમાં માત્ર સ્નાતક હોય એવા ઉમેદવારોની જ બહુધા પસંદગી કરવાનો જ મક્કમ અને મજબુત સંકલ્પ કર્યો હોવાનું સુમાહિતગાર સાધનો જણાવી રહ્યા છે. જેના કારણે એવી આશા જાગી છે કે, વિધાનસભામાં કાળા અક્ષર ભેંસ બરાબર હોય એવા પ્રતિનિધિઓથી જ ધારાગૃહો છલોછલ રહેતા હોવાનું કલંક ધોઈ નાખવાનો પ્રયાસ પ્રામાણિક અને સનિષ્ઠ બની રહેશે અને આ રાજકીય પક્ષો બોલેલું પાળશે.

જાણવા મળ્યા મુજબ ભાજપે સ્નાતક હોય એવા યુવા અને શિક્ષિત ચહેરાઓને ૭૦ ટકા ટિકિટ ફાળવવાનું નક્કી કર્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આમ આદમી પાર્ટી ૯૦ ટકા યુવા અને સ્નાતક ચહેરાને ટિકિટ ફાળવવાનું મન બનાવી ચુકી છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ જયારે કોંગ્રેસ આવા ૫૫ ટકા શિક્ષિત અને ફ્રેશ ચહેરાને ઉમેદવાર તરીકે પસંદ કરે તેવું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. વધુમાં જાણવા મળ્યા મુજબ કોઈપણ પ્રકારનો ક્રિમીનલ ઈતિહાસ ધરાવનારા એકપણ ને ટિકિટ નહીં આપવાનો ખૂબ જ સૂચક અને અસાધારણ મક્કમ ફેસલો આ પક્ષોએ કર્યો છે. તેના પગલે ગુજરાતના ધારાગૃહ ઈતિહાસમાં નવતર ક્રાંતીના મંડાણ થશે અને બિનવિવાદાસ્પદ તથા કોરી પાટી ધરાવતા લોકસેવકોથી પવિત્ર ધારાગૃહ એકદમ વિશુધ્ધ અને ચળકતું બની જવાની મક્કમ આશાઓ જાગી ઉઠી છે.

જો આ રાજકીય પક્ષોએ એમના વાયદા મુજબ ખરાઅર્થમાં શિક્ષિત અને ફ્રેશ યુવાનોને ટિકિટો ફાળવવાનું પગલું લેવામાં જો કોઈ કચાસ રાખવામાં નહીં આવે તો ધારાગૃહ એક નવા જ અનોખા કલેવર ધારણ કરી લેશે. રાજકારણમાં નવો યુગ શરૂ થશે. જે ગુજરાતના વિકાસને ઉચ્ચતમ શિખરો સુધી લઇ જશે એટલું જ નહીં લોકોની સમસ્યાઓ, એમના પ્રશ્નો, એમની ફરિયાદોનાં નિરાકરણની પ્રક્રિયા ક્રાંતિકારી રીતે ધરમૂળથી બદલી જશે અને સમગ્ર ધારાગૃહ અને પ્રશાસન તંત્ર વાસ્તવમાં લોકલક્ષી બની રહેશે.

ગુજરાતની વર્તમાન ધારાસભામાં બિરાજતા મહાનુભાવોનું શૈક્ષણિક વિશ્લેષણ કરીએ તો રસપ્રદ આંકડા જાણવા મળે છે. વર્તમાન ગૃહમાં ૧૦૫ જેટલા ધારાસભ્યો તો ધોરણ ૧૨ પાસ છે. ૭૪ ધારાસભ્યો માત્ર ૧૦ ધોરણ પાસ છે. ૩૦ જેટલા ધારાસભ્યો માત્ર ૮ ધોરણ સુધી જ ભણ્યા છે. જયારે ૧૫ ધારાસભ્યો તો માત્ર પાંચ ધોરણ સુધીનું શાળાકીય શિક્ષણ ધરાવતા સભ્યો છે. ૮ ધારાસભ્યો જ ખાલી સાક્ષર છે. જે દર્શાવે છે કે, ધારાસભામાં બિરાજમાન મોટાભાગના લોક પ્રતિનિધિઓ કોઈપણ પ્રકારનું ઉચ્ચ શિક્ષણ કે ડિગ્રીઓ ધરાવતા નથી. આગુ સે ચલી આતી પરંપરાની જેમ શિક્ષણ સિવાયના જ પરિબળો અને માપદંડોના આધારે અલગ- અલગ પક્ષોની ટિકિટ મેળવીને તેઓ ધારાગૃહમાં બિરાજમાન થયા છે એ સ્પષ્ટ બને છે.

આવી પરિસ્થિતિ વિશે વારંવાર રાજકીય પક્ષોના નેતાઓ વચ્ચે અને સમાજ શાસ્ત્રીઓ તથા સ્વૈચ્છિક સામાજીક અગ્રણીઓ દ્વારા વારંવાર હોટ ડીબેટ થતી રહી હતી પણ પરિસ્થિતિમાં કોઈ સુધારો આવતો ન હતો. કુરબાની દેગા કોન એ સૂત્રની જેમ દરેક પક્ષો રાજકારણને શિક્ષિત વાઘા પહેરાવવાની સુફિયાણી વાતો કરતા રહેતા હતા પણ પ્રયોગો કરવાનું રાજકીય જોખમ ખેડવાથી સિફતપૂર્વક દૂર રહેતા હતા. હવે તાજેતરના દાયકાઓમાં સાહસિક રાજકીય નિર્ણયો લેવાનું વલણ જોવામાં આવી રહ્યું છે. તેના પરીપ્રેક્ષ્યમાં જોઈએ તો ગુજરાતમાં રાજકીય પ્રતિનિધિ તરીકે કોઈપણ અપરાધી તત્વો કે અર્ધશિક્ષિત કે અભણને પસંદ નહીં કરવાનો ત્રણેય પક્ષોનો નિર્ણય ખૂબ જ પ્રશંસનીય ગણાવી શકાય અને તેને આવકાર આપવો જ જોઈએ. દરેક ટિકિટ વાંછું પાસે મીનીમેમ ગ્રેજ્યુએશનનું નવું ધારાધોરણ નક્કી થઇ રહ્યું છે. જે લાંબાગાળે દરેક રાજકીય પક્ષ અને આવનારી સરકાર માટે ખૂબ જ લાભદાયક બની રહેશે. એટલે જ ગુજરાતની આગામી વિધાનસભા ચૂંટણીઓમાં વધુને વધુ સંખ્યામાં સ્નાતક, શિક્ષિત અને યુવા ચહેરા થકી ધારાગૃહ પ્રજ્વલિત થઇ ઉઠશે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી. ગુજરાત આ રીતે ફરી એક વખત સમગ્ર દેશ માટે નવી દિશા ચિંધનાર દીવાદાંડી બની રહેશે. ત્રણેય પક્ષો રાજકીય સાહસ ખેડવામાં પાછીપાની નહીં કરે એવી સામાન્ય જન આશા રાખે છે.

સામાન્ય રીતે ચૂંટણીઓમાં અત્યાર સુધી બૌધ્ધિક શક્તિ નહીં પણ બાવડાનું બળ અને સંપતિની તાકાતનું જ વર્ચસ્વ રહેતું આવ્યું છે. હવે લોકોને આશા છે કે, બાવડાનું સ્થાન બુધ્ધિ લેશે અને સંપતિનું સ્થાન સરસ્વતી લેશે અને ગુજરાતનો વધુ જય જયકાર થઇ જશે. કલદાર અને બાવડાની તાકાતને કારણે જ અત્યારનાં ધારાગૃહમાં ૩૩ ધારાસભ્યો એવા છે જેની સંપતિ સરેરાશ ૧૦ કરોડથી વધુ જાહેર થયેલી છે.(૨.૧૨)

### રાજકોટ સિટી
### બે ધારાસભ્યો માત્ર ૮ પાસ
### બે ધારાસભ્યો જ ગ્રેજ્યુએટ



### ટિકિટની ફાળવણી

સ્નાતક હોય એવા જ ૭૦ ટકા યુવા શિક્ષિતોને ટિકિટ ફાળવશે ભાજપ
આમ આદમી પાર્ટી આવા યુવા ચહેરાને ૯૦ ટકા ટિકિટ ફાળવશે
કોંગ્રેસ દ્વારા આવા ૫૫ ટકા સ્નાતક યુવા ચહેરાઓને ટિકિટ અપાશે
અંગત સુત્રો દ્વારા જાણવા મળેલ

### રાજકોટ શહેર જિલ્લાનાં લોકપ્રતિનિધિઓનાં લેખાજોખા
### રાજકોટ જિલ્લામાં ૪ સભ્યો અન્ડર ગ્રેજ્યુએટ માત્ર પાંચ સભ્યો જ ગ્રેજ્યુએટ
### ૧૦ ધારાસભ્યો તો પાંચ ધોરણ સુધી પણ પહોંચ્યા નથી

### ગુજરાતની વર્તમાન ધારાસભાનું રસપ્રદ બ્રેકિંગઃ– ૧૦૫ ધારાસભ્યો ૧૨ ધોરણ પાસ, ૭૪ ધારાસભ્યો ૧૦ ધોરણ પાસ, 30 ધારાસભ્યો ૮ ધોરણ પાસ, ૧૫ ધારાસભ્યો માત્ર પાંચમાં ધોરણ સુધી પહોંચ્યા, માત્ર ૮ ધારાસભ્યો ખાલી સાક્ષર છે...!!

### કોઈપણ પ્રકારનો ક્રિમીનલ ઈતિહાસ ધરાવનારને ટિકિટ નહીં આપવાનો ત્રણેય પક્ષોનો ઐતિહાસિક અને અવિસ્મરણીય નિર્ણયઃ સંપતિનું બેકઅપ જોઈએ તો 33 ધારાસભ્યોની સંપતિ સરેરાશ ૧૦ કરોડથી વધુ

# રાજકોટમાં વરસાદી વાતાવરણથી રોગચાળાનો વધતો આતંક, ડેન્ગ્યુના ૪ કેસ

### ઝાડા–ઉલ્ટીના ૮૭, મેલેરીયાના 3, ચિકનગુનિયાનો ૧, તાવના ૭૪ અને શરદી–ઉધરસના 3૦૭ કેસ નોંધાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૫

રાજકોટ શહેરમાં અષાઢમાં જોરદાર વરસાદ થયો હોવાથી પાણીજન્ય રોગચાળાએ લોકોને ભરડો લીધો છે. મચ્છરો અને જીવજંતુનાં ઉપદ્રવને કારણે પહેલીવાર ગયા સપ્તાહમાં ડેન્ગ્યુનાં ૪ કેસ, મેલેરીયાનાં ૩ કેસ અને ચિકનગુનિયાનો ૧ કેસ નોંધાતા મનપાનાં આરોગ્યતંત્ર દ્વારા રોગચાળો રોકવા શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવી રહ્યા છે.

ગયા એક સપ્તાહ દરમ્યાન ડેન્ગ્યુ અને મેલેરીયા તથા ચિકનગુનિયાનાં ૮ કેસ નોંધાઈ જતા લોકોને સાવધ રહેવાની અપીલ કરવામાં આવી છે. ઝાડા- ઉલ્ટીનાં ૮૭ નવા કેસ, તાવનાં ૭૪ કેસ અને શરદી- ઉધરસનાં ૩૦૭ કેસ નોંધાયા છે. રોગોને નિયંત્રિત કરવા માટે મનપા આરોગ્ય તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.


શહેરમાં ગયા સપ્તાહ દરમ્યાન ૧૬૩૪૧ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી અને ૯૯૧ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. મચ્છરોની વધુ ઘનતાવાળા વિસ્તારો જંકશન પ્લોટ, ગાયકવાડી, ગુંદાવાડી, સાધુવાસવાણી રોડ, મવડી બાપા સીતારામ ચોક, ગાયત્રીનગર, ઉદ્યોગનગર, માયાણી ચોક, એરપોર્ટ રોડ, જાગનાથ પ્લોટ, જનતા સોસાયટી, અટીકા, પુજારા પ્લોટ, આનંદનગર વગેરે વિસ્તારોમાં વ્હીકલ માઉન્ટેન ફોગીંગ મશીનથી ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. તદઉપરાંત કોમર્શીયલ અને રહેણાંક એવા ૫૯૯ સ્થળો પર મચ્છર ઉત્પતિ અંગે ચેકિંગ કરવામાં આવ્યું હતું અને ૬૫૬ આસામીને નોટીસ આપવામાં આવી હતી.

ડેન્ગ્યુ, મેલેરીયા જેવા રોગોથી બચવા શહેરીજનોને સાવચેતી માટે માર્ગદર્શન અપાયું છે. અગાસી કે બાલ્કનીમાં જમા થયેલ વરસાદી પાણીનો તુરંત નિકાલ કરવા, છોડનાં કુંડા, ક્યારા વગેરેમાં જમા થયેલા પાણીનો નિકાલ કરવા, અગાસી- છાપરા વગેરે પર પડેલા ભંગાર, ટાયર, ડબ્બા, ખાલી પાત્રોમાં જમા થયેલ વરસાદી પાણીનો નિકાલ કરવા, ઘરની આસપાસ ખાડા- ખાબોચિયામાં જમા થયેલ પાણીમાં બળેલ ઓઈલ નાખવા અને પશુ- પક્ષીને પીવા માટે રાખેલી પાણીની કુંડીઓ રાત્રે ખાલી કરી ઉંધી રાખવા અને સવારે જ તેમાં પાણી ભરવા મનપા આરોગ્ય વિભાગે તાકીદ કરી છે.(૨.૧૨)

## રાજકોટ મ્યુ.કમિશનરના પીએ રસીકભાઈ રૈયાણીનું નિધન


**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા. ૨૫

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર અમીત અરોરાના પીએ (ટેક) રસીકભાઈ રૈયાણીનું આજે સવારે હૃદયરોગના હુમલાથી દુ:ખદ અવસાન થયું છે. મળેલી વિગતો મુજબ આજે સવારે ૧૦ વાગ્યે તેઓને હૃદયરોગનો હુમલો આવતા તેઓને તાત્કાલીક વોકહાર્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ ડોક્ટરોની અથાગ મહેનત છતાં તેઓને બચાવી શકાયા ન હતા. ઉલ્લેખનીય છે કે, રસીકભાઈ રૈયાણી ૧૯૯૧માં વોટરવર્કસ શાખામાં આસીસ્ટન એન્જીનીયર તરીકે જોડાયા હતા. ત્યારબાદ



તેમની ઉજજવળ કામગીરીને ધ્યાનમાં લઈ ૨૦૦૯માં અતિ મહત્વના એવા ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગનો હવાલો તેમને સોપાયો હતો. (અનુ.પાના નં.૪ ઉપર)

# જામનગરના યુવકની ચાલુ બસે ગળુ કાપી હત્યાઃ તપાસનો ધમધમાટ











(તસવીરઃ પંકજ ડાભી)



### સુરતથી રાજકોટ સુધીમાં છ મુસાફરો ઉતરી ગયા તે પૈકી કોઈએ હત્યા કર્યાની શક્યતા : હત્યાનો ભોગ બનનાર સુરતથી બસમાં બેઠો હતો

### ડીસીપી મીણા, પીઆઈ વાળા અને ડી. સ્ટાફ, ક્રાઈમ બ્રાંચની ટીમોએ સીસીટીવીને આધારે તેમજ ડોગ સ્ક્વોડની મદદ મેળવી વધુ તપાસ હાથ ધરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)** રાજકોટ તા. ૨૫

રાજકોટ શહેરના ગ્રીનલેન્ડ ચોક નજીક ખાનગી ટ્રાવેલ્સની બસમાં પુરૂષનો મૃતદેહ મળી આવ્યો છે. બનાવની જાણ થતા DCP, ACP કક્ષાના અધિકારીઓ તેમજ રાજકોટ બી ડિવિઝન પોલીસ અને SOG પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. જેમાં મૃતકના ગળાના ભાગે ઇજાના નિશાન જોવા મળતા પોલીસે FSL અને ડોગ સ્ક્વોડની મદદ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળ્યા મુજબ સુરતથી ગત સાંજે ઉપડેલી ન્યુ ક્રિષ્ના ટ્રાવેલ્સની સ્લીપર કોચ બસ આજે સવારે રાજકોટ કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડીએ પહોંચી ત્યારે રાજકોટના કોઇ મુસાફરો હોય અને તે ઉંઘી રહ્યા હોય તો જાગી જવા માટે કલીનર નરેશભાઇ રાઠોડે ટકોર કરતા બસના નીચેના ૧૧-૧૨ નંબરના સોફા પર બેઠેલા મુસાફરને રાજકોટ ઉતરવાનું હોઇ તે સોફામાંથી બહાર નીકળીતાં સામેની સાઇડમાં શટરવાળા સોફાનું શટર ખુલ્લું હોઇ તેમાંથી લોહીના ડાઘા દેખાતાં તેણે કલીનર નરેશભાઇને જાણ કરતાં તેણે તપાસ કરતાં સોફા પરથી મુસાફરની ગળુ કાપેલી લોહીલુહાણ લાશ જોવા મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

કલીનરે તુરત જ ડ્રાઇવર અશોકભાઇને જાણ કરતાં તેણે બસ ઉભી રાખી દીધી હતી અને પોલીસ કન્ટ્રોલ રૂમમાં જાણ કરતાં ડીસીપી પ્રવિણકુમાર મીણા, બી-ડિવીઝન પીઆઇ એમ. સી. વાળા, ડી. સ્ટાફના સલિમભાઇ માડમ, કેતનભાઇ પટેલ, મોહસીનખાન મલેક સહિતનો કાફલો પહોંચ્યો હતો

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.